dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 231 | AD - 2026, Jeth Sud -12 | Thursday, Dt. 28-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### રાજકીય હલચલ વચ્ચે કર્ણાટકમાં ત્રણ નાયબ મુખ્યમંત્રીઓની નિમણૂક થઈ શકે છે

## કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તનની અટકળો તેજ: મુખ્યમંત્રી સિદ્ધારમૈયા રાજીનામું આપે તેવી શક્યતા

નવી દિલ્હી, તા.૨૭

કર્ણાટકના રાજકારણમાં નેતૃત્વ પરિવર્તનને લઈને અટકળો ખૂબ જ તેજ બની ગઈ છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા ગુરુવારે પોતાના પદ પરથી રાજીનામું આપી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમણે સવારે ૧૦:૩૦ વાગ્યે રાજભવનમાં મુલાકાતનો સમય માંગ્યો છે. તે પહેલાં, તેઓ નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમાર સાથે નાસ્તો કરશે.

રાજ્યના ગૃહમંત્રી જી. પરમેશ્વરે આજે એક નિવેદન બહાર પાડીને જણાવ્યું કે, 'પાર્ટીના તમામ નેતાઓ કોંગ્રેસ હાઈકમાન્ડના નિર્ણયનું પાલન કરશે. અમે હાઈકમાન્ડના આદેશને માનવા માટે પ્રતિબધ્ધ છીએ. ગમે તે હોય, અંતિમ નિર્ણય હાઈકમાન્ડ જ લેશે.'તેમણે ઉમેર્યું કે પાર્ટીના મહાસચિવ અને કર્ણાટકના પ્રભારી રણદીપ સિંહ સુરજેવાલા ટૂંક સમયમાં પ્રેસ કોન્ફરન્સ કરીને આ મુદ્દે સ્પષ્ટતા આપશે.

મુખ્યમંત્રીએ ગુરુવારે કેબિનેટ મંત્રીઓની તાકીદની બેઠક પણ બોલાવી છે, જેના માટે મંગળવારે રાત્રે જ તમામ મંત્રીઓને સંદેશા મોકલવામાં આવ્યા હતા. આ રાજકીય હલચલ વચ્ચે, સમાજ કલ્યાણ મંત્રી એચ.સી. મહાદેવપ્પા સહિત અનેક વરિષ્ઠ ધારાસભ્યો મુખ્યમંત્રી નિવાસસ્થાને પહોંચવા લાગ્યા છે. બીજી તરફ, સિદ્ધારમૈયા છાવણીના કેટલાક સમર્થકો તેમના રાજીનામાનો વિરોધ કરી રહ્યા છે.





ડી.કે. શિવકુમારના કાર્યાલયે બુધવારે પુષ્ટિ કરી કે તેઓ ગુરુવારે (૨૮ મે) સવારે ૯ વાગ્યે બેંગલુરુમાં મુખ્યમંત્રી નિવાસસ્થાન 'કાવેરી' ખાતે સિદ્ધારમૈયા સાથે બેઠક કરશે. શિવકુમાર ગુરુવારે સવારે ૫ વાગ્યે નવી દિલ્હીથી રવાના થઈને સવારે ૮:૩૦ વાગ્યે બેંગલુરુ પહોંચશે.

સૂત્રોના જણાવ્યા મુજબ, કોંગ્રેસ હાઈકમાન્ડ સત્તાના સરળ સંક્રમણ માટે કર્ણાટકમાં ત્રણ નાયબ મુખ્યમંત્રીઓની નિમણૂક કરી શકે છે, જે અનુસૂચિત જાતિ, અન્ય પછાત વર્ગ (OBC) અને મહિલા શ્રેણીમાંથી હોઈ શકે છે. આ માટે જી. પરમેશ્વર, પ્રિયંક ખડગે, યતીન્દ્ર, એમ.બી. પાટિલ અને કે.જે. જ્યોર્જ જેવા નેતાઓના નામની ચર્ચા છે. નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૩૦ મેના રોજ યોજાવાની ધારણા છે.

મંગળવારે દિલ્હીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના રૂમમાં રાહુલ ગાંધીની હાજરીમાં એક હાઈ-પ્રોફાઈલ બેઠક યોજાઈ હતી. સિદ્ધારમૈયા પોતાની સાથે એક ડઝન મંત્રીઓને લઈને કેબિનેટ ફેરબદલની માંગ સાથે ચર્ચા કરવા ગયા હતા, પરંતુ ત્યાં તેમની ધારણા કરતાં તદ્દન વિપરીત બન્યું. રાહુલ ગાંધીએ તેમને અભિપ્રાય પૂછ્યા વગર સીધું જ જણાવી દીધું કે પાર્ટી ઈચ્છે છે કે તેઓ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપીને રાજ્યસભા દ્વારા રાષ્ટ્રીય સ્તરે પક્ષની સેવા કરે. સિદ્ધારમૈયાએ સ્પષ્ટ કર્યું કે તેમનો રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશવાનો કોઈ ઈરાદો નથી અને તેમણે નિર્ણય લેવા માટે ગુરુવાર સુધીનો સમય માંગ્યો છે. દિલ્હીથી પરત ફરીને તેમણે ઉર્જા મંત્રી કે.જે. જ્યોર્જના નિવાસે અન્ય મંત્રીઓ સાથે વાત કરી અને જણાવ્યું કે હાઈકમાન્ડ પોતાના નિર્ણય પર અડગ છે અને તેમને પોતાના વિચારો રજૂ કરવાની તક પણ આપવામાં આવી નહોતી.

## SIR પ્રક્રિયા સંપૂર્ણપણે કાયદેસર અને બંધારણીય માપદંડોને અનુરૂપ: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.૨૭

ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવતી 'સ્પેશિયલ ઈલેક્શન રજિસ્ટર' (SIR) પ્રક્રિયાની માન્યતાને પડકારતી અરજીઓ પર સુપ્રીમ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જાયમલ્યા બાગચીની બેન્ચે સ્પષ્ટ કર્યું કે, દેશમાં મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ કરાવવા માટે મતદાર યાદીની ચોકસાઈ અને શુધ્ધતા અનિવાર્ય છે. બંધારણની કલમ ૩૨ અને જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ ચૂંટણી પંચને એસઆઈઆર કરવાનો સંપૂર્ણ કાનૂની અધિકાર છે. અદાલતે નોંધ્યું કે ચાર દાયકા પછી ઝડપી શહેરીકરણ અને સ્થળાંતરને કારણે મતદાર યાદીમાં ડુપ્લિકેશન અને ભૂલોની શક્યતા વધી છે, જેથી આ સુધારણા જરૂરી છે. ચૂંટણી પંચ પાસે મતદાર યાદી સુધારણાના હેતુ માટે નાગરિકતા ચકાસવાની સત્તા છે. જો કોઈ વ્યક્તિ કાનૂની માપદંડો પૂર્ણ ન કરતી હોય, તો પંચ તેનું નામ હટાવવાનો આખરી નિર્ણય સક્ષમ અધિકારીને સોંપી શકે છે. બીજી તરફ, અરજદારોએ દલીલ કરી હતી કે આ પ્રક્રિયા ગરીબો અને સ્થળાંતર કરનારાઓને દસ્તાવેજી પુરાવાના અભાવે મતાધિકારથી વંચિત કરી શકે છે. જોકે, ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી છે કે એસઆઈઆર એ નાગરિકતા નક્કી કરવાની પ્રક્રિયા કે એનઆરસી (NRC) જેવી કડક ચકાસણી નથી, પરંતુ માત્ર લાયક મતદારોની યાદી સુનિશ્ચિત કરવાની કવાયત છે.



## લગ્ન એક સમાન ભાગીદારી છે, પત્નીઓ 'નોકર' નથી: બોમ્બે હાઈકોર્ટનો સીમાચિહ્નરૂપ ચુકાદો

મુંબઈ,તા.૨૭

બોમ્બે હાઈકોર્ટે વૈવાહિક અધિકારો અને લિંગ સમાનતા અંગે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે પત્ની ઘરકામ (જેમ કે રસોઈ અને સફાઈ) કરવામાં અસમર્થ હોય કે તેનો ઈનકાર કરે, તો તેને ક્રૂરતા ગણી શકાય નહીં. જસ્ટિસ ભારતી ડાંગરે અને મંજુષા દેશપાંડેની ડિવિઝન બેન્ચે ટિપ્પણી કરી કે, 'લગ્ન એ બે લોકો વચ્ચે સમાન ભાગીદારી છે, કોઈ સેવા કરાર નથી અને પત્નીઓને 'નોકર' ગણી શકાય નહીં.'

આ સાથે હાઈકોર્ટે ક્રૂરતાના આધારે એક સીએ (CA) પતિને છૂટાછેડા આપવાનો ફેમિલી કોર્ટનો આદેશ રદ કર્યો છે અને પત્નીને માસિક રૂ.૨૦,૦૦૦ ભરણપોષણ ચૂકવવાનો નિર્દેશ આપ્યો છે. ૨૦૦૨માં લગ્ન કરનારા આ દંપતી વચ્ચે શરૂઆતથી જ વિવાદો હતા. પતિનો આરોપ હતો કે પત્ની અસંસ્કારી છે અને ઘરકામ કરતી નથી, જ્યારે પત્નીએ સાસરિયાઓ પર દહેજ ઉત્પીડન અને શારીરિક શોષણનો આક્ષેપ કર્યો હતો.



પતિએ પત્ની આર્થિક રીતે સ્વતંત્ર હોવાની દલીલ કરી ભરણપોષણનો વિરોધ કર્યો હતો. જોકે, અદાલતે તેને ફગાવતા જણાવ્યું કે, પતિ લાયક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોવાથી તેની કમાણી કરવાની ક્ષમતા વધુ છે. માત્ર ટેક્સ રિટર્નના આધારે ભરણપોષણ નક્કી ન થઈ શકે. કોર્ટે દેશમાં વધતી જતી મોંઘવારીનો ઉલ્લેખ કરીને પત્નીને ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે ભરણપોષણની રકમ યોગ્ય ઠેરવી છે.

### ભાજપના સાંસદ સૌમિત્ર ખાનનો સનસનાટીભર્યો દાવો

## ૨૦ ટીએમસી સાંસદો અને ૫૦ ધારાસભ્યો ભાજપમાં જોડાય તેવી શક્યતા

કોલકાતા,તા.૨૭

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં સત્તા ગુમાવ્યા બાદ તૃણમૂલ કોંગ્રેસ (TMC)ની મુશ્કેલીઓ સતત વધી રહી છે. અભિષેક બેનર્જી સહિતના અગ્રણી ટીએમસી નેતાઓ સામે કાનૂની કાર્યવાહી ચાલી રહી છે, ત્યારે હવે મમતા બેનર્જીની પાર્ટીના અસ્તિત્વ સામે જ મોટો ખતરો ઊભો થયો છે. ચૂંટણીમાં કારમી હાર બાદ પાર્ટીમાં ભારે ભાગદોડ મચી



ગઈ છે. આ દરમિયાન બાંકુરાના ભાજપના સાંસદ સૌમિત્ર ખાને એક સનસનાટીભર્યો દાવો કરતા જણાવ્યું છે કે, ટીએમસીના આશરે ૨૦ સાંસદો અને ૫૦ ધારાસભ્યો પક્ષ સામે બળવો કરીને ભાજપમાં જોડાઈ શકે છે. સૌમિત્ર ખાને ઉમેર્યું કે, "TMCના ૮૦માંથી ૫૦ ધારાસભ્યો ભાજપમાં જોડાવા ઉત્સુક છે, જ્યારે ૨૯માંથી ૨૦ લોકસભા સાંસદો પક્ષ બદલવા તૈયાર બેઠા છે. હવે અંતિમ નિર્ણય કેન્દ્રીય હાઈકમાન્ડ પર નિર્ભર છે. દિલ્હીથી લીલી ઝંડી મળતાની સાથે જ ટીએમસી સંપૂર્ણપણે વિખેરાઈ જશે.'આ દાવાની રાજકીય અસરો પણ દેખાવા લાગી છે. બારાસતના ટીએમસી સાંસદ કાકોલી ઘોષ દસ્તીદારે ત્રણ દિવસ પહેલા જ જિલ્લા પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું હતું અને હવે તેમણે છ ધારાસભ્યો સાથે મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીની વહીવટી સમીક્ષા બેઠકમાં ભાગ લઈને બળવાનો આડકતરો સંકેત આપી દીધો છે. આ ધારાસભ્યોમાં દેગંગાના અનિસુર રહેમાન બિશ્વાસ, સ્વરૂપનગરના બીના મંડલ, હરોઆના મોહમ્મદ અબ્દુલ મતીન અને બશીરહાટ વિસ્તારના અન્ય ત્રણ ધારાસભ્યો સામેલ છે. બીજી તરફ, ચૂંટણીમાં પરાજય બાદ રાજ્યભરમાંથી લગભગ ૧૦૦ જેટલા ટીએમસી કાઉન્સિલરોએ પણ રાજીનામા આપી દીધા છે, જેમાં ડાયમંડ હાર્બર મ્યુનિસિપલ કાઉન્સિલના ૧૬માંથી ૮ સભ્યોનો સમાવેશ થાય છે. આ આંકડાઓ દર્શાવે છે કે બંગાળના રાજકારણમાં ટૂંક સમયમાં મોટો ઉલટફેર થઈ શકે છે.

## એર ઈન્ડિયા અને ઈન્ડિગો આગામી ૧ જૂનથી સ્થાનિક ફ્લાઈટ્સ ઘટાડશે


નવી દિલ્હી,તા.૨૭

વધતા સંચાલન ખર્ચને પહોંચી વળવા એર ઈન્ડિયા અને ઈન્ડિગો ૧ જૂનથી આગામી ત્રણ મહિના માટે ડોમેસ્ટિક ફ્લાઈટ્સ ઘટાડશે. અમેરિકા-ઈરાન તણાવને કારણે વૈશ્વિક સ્તરે ઈંધણ (ATF)ના ભાવ આસમાને પહોંચતા આ નિર્ણય લેવાયો છે. એર ઈન્ડિયા પોતાની ફ્લાઈટ્સમાં ૧૫ ટકા અને ઈન્ડિગો ૫ થી ૭ ટકા સુધીનો ઘટાડો કરશે, જેનાથી મુસાફરોને થોડી અસુવિધા થઈ શકે છે.







# અમરેલીમાં ગે ડેટિંગ એપ દ્વારા યુવકને હનીટ્રેપમાં ફસાવી છરીની અણીએ લૂંટ

અમરેલી, તા. ૨૭

અમરેલીના બાયપાસ રોડ નજીક એક ચોંકાવનારી લૂંટ અને બળજબરીથી પૈસા પડાવવાની ઘટના સામે આવી છે. બાબરાના વાંડળિયા ગામના ૨૬ વર્ષીય અજયભાઈ ગાંગડિયા પોતાના શેઠનું વાહન લઈને ફતેપુરથી બાયોકોલ ભરી પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન અમરેલી-લાઠી બાયપાસ ચોકડી પાસે નાસ્તો કરવા ઊભા રહેતા તેમના મોબાઈલમાં 'Grindr' ગે ડેટિંગ એપ પર 'JAN' નામના આઈડી પરથી મેસેજ આવ્યો હતો. ત્યારપછી ટાટા મોટર્સ સર્વિસ સ્ટેશન પાસે પરિત ભીમાણી અને હરકિશને તેમનું વાહન રોકી તેમને રેલવેના નવા પુલ નીચે લઈ ગયા હતા. ત્યાં અગાઉથી હાજર અરમાન, તૌફીક, રોનક અને પરવેજ નામના શખ્સોએ યુવકને બંધક બનાવી બેરહેમીથી માર માર્યો હતો. આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી પાકીટમાંથી રોકડા રૂપિયા ઝૂંટવી લીધા હતા અને શેઠના ખાતામાંથી ગૂગલ પે દ્વારા અન્ય ૫,૦૦૦ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. અંતે ગરદન પર છરી મૂકી વધુ ૪૫,૦૦૦ રૂપિયા નહીં આપે તો વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી. આ અંગે ભોગ બનનારે ૬ શખ્સો સામે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ ડી. ડી. ડાંગરે વધુ તપાસ હાથ ધરી છે.

# ચિતલમાં ૧૨૯મો નેત્રયજ્ઞ કેમ્પ યોજાયો: ૨૯ દર્દીઓને મોતિયાના ઓપરેશન

અમરેલી, તા. ૨૭



વિદ્યા ભારતી ટ્રસ્ટ-ચિતલ અને રણછોડદાસજી આઈ હોસ્પિટલ-રાજકોટના સંયુક્ત ઉપક્રમે સ્વ. રવજીભાઈ ભાદાભાઈ મેસિયાની સ્મૃતિમાં, નિમેશભાઈ મનસુખભાઈ મેસિયાના આર્થિક સહયોગથી ૧૨૯મો મફત નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. અગ્રણી ઉદ્યોગપતિ જયસુખભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કેમ્પનું ઉદ્ઘાટન ભાગવતાચાર્ય હરેશભાઈ ત્રિવેદીના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જયંતિભાઈ દેસાઈ અને સુરેશભાઈ પાથર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ નેત્રયજ્ઞમાં ૮૦ દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી જેમાંથી ૨૯ દર્દીઓને મોતિયાના મફત ઓપરેશન માટે રાજકોટ ખાતે મોકલવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રમુખ હિતેશભાઈ મહેતાએ કર્યું હતું, સ્વાગત પ્રવચન બિપિનભાઈ દવેએ આપ્યું હતું અને અંતમાં આભારવિધિ સુરેશભાઈ પાથરે કરી હતી.

# સાવરકુંડલામાંથી ૭ શકુની ઝડપાયા

સા.કુંડલા, તા.૨૭

સાવરકુંડલામાંથી પોલીસે ૭ શકુનીને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી કુલ રોકડા રૂ. ૧૧,૪૦૦ જપ્ત કરવામાં આવ્યા હતા.

હાથસણી રોડ હુડકો સોસાયટી પાસેથી રમેશભાઈ કાળુભાઈ સોલંકી, સુરેશભાઈ પ્રાગજીભાઈ મુંજપરા, લાલજીભાઈ ઓધાભાઈ સોલંકી, કિશનભાઈ વશરામભાઈ મુંજપરા, મનીષભાઈ મધુભાઈ ઓધવીયા, મેહુલભાઈ સંજયભાઈ લોઢણીયા તથા સુનીલભાઈ મનસુખભાઈ મોલાડીયા જાહેરમાં ગંજીફાનાં પાનાં વડે પૈસાની હાર-જીતનો તીનપત્તીનો જુગાર રમતા કુલ રોકડા રૂ. ૧૧,૪૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

# વારસાઈ ભૂલથી ૧૦ વર્ષથી જમીન માટે હેરાન થતી મહિલાને ન્યાય અપાવતી અમરેલી જિલ્લા પોલીસ

અમરેલી,તા.૨૭

હિપાવડલી ગામના રક્ષાબેન કચ્છીના સસરાએ વર્ષ ૨૦૧૧માં પેઢીનામામાં ભૂલથી પુત્ર 'નલિન'ના બદલે 'લલિત' નામ લખાવતાં રક્ષાબેન છેલ્લા ૧૦ વર્ષથી જમીનની વારસાઈ માટે કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા હતા. કાયદાની આંટીઘૂંટીના કારણે ન્યાય ન મળતાં આખરે તેમણે વંડા પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ પોલીસે એફ.આઈ.આર. દાખલ કરી મહેસૂલ અને કૃષિ વિભાગમાંથી જરૂરી પુરાવા એકત્ર કર્યા હતા. ત્યારબાદ પોલીસે જિલ્લા કલેક્ટરને ખાસ રિપોર્ટ અને ભલામણ મોકલી હતી.

પોલીસ અને કલેક્ટર તંત્રના સચોટ સંકલનને પરિણામે કલેક્ટરે હુકમમાં સુધારો કરી રક્ષાબેનને તેમના હિસ્સાની ૧૧ વીઘા જમીનના વારસાઈ હક્કો પરત અપાવ્યા છે. આ કેસમાં વકીલ પરેશભાઈ તળાવીયાએ પણ કોઈ ફી લીધા વિના મદદ કરી હતી. પોલીસ અધિક્ષક સંજય ખરાતે આ ટીમવર્કને બિરદાવતા જણાવ્યું કે, ભવિષ્યમાં પણ જમીન, વ્યાજખોરી કે છેતરપિંડીના કેસોમાં પોલીસ તંત્ર આવી જ સંવેદનશીલતા સાથે પ્રજાની સેવામાં કાર્યરત રહેશે.

# બક્ષીપુર ગામેથી બે સગી બહેનો ઘરેથી ચાલી નીકળતાં ચકચાર

અમરેલી, તા. ૨૭

અમરેલીના બક્ષીપુર ગામેથી બે સગી બહેનો ઘરેથી ચાલી નીકળતાં ચકચાર મચી ગઈ હતી.

પરેશભાઈ રાઘવભાઈ બોરડ (ઉ.વ. ૫૨)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રીઓ નીહારીકા પરેશભાઈ બોરડ (ઉ.વ. ૨૧) તથા ઉર્વી પરેશભાઈ બોરડ (ઉ.વ. ૧૮) ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી.

આ સિવાય દામનગરમાં રહેતી તૃપ્તિબેન ભરતભાઈ ભાસ્કર (ઉ.વ. ૧૮) પણ પોતાના રહેણાંક મકાનેથી કોઈને કહ્યા વગર જતી રહી હતી.

**ખાંભાના મોટા સમઢીયાળા ગામનો બનાવ**

# 'આ જમીન અમારી છે, અહીં તમે પગ મૂકતા નહીં નહીંતર તમને જાનથી મારી નાખીશું' કહી ધમકી આપી

**ઢીકાપાટુનો આડેધડ મૂઢમાર પણ માર્યો**

ખાંભા, તા. ૨૭

ખાંભાના મોટા સમઢીયાળા ગામે એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો હતો. 'આ જમીન અમારી છે, અહીં તમે પગ મૂકતા નહીં નહીંતર તમને જાનથી મારી નાખીશું' કહી ધમકી આપી હતી તેમજ ઢીકાપાટુનો આડેધડ મૂઢમાર પણ માર્યો હતો. બનાવ સંદર્ભે કેતનભાઈ ઘનશ્યામભાઈ શેલડીયાએ દર્શકભાઈ પ્રફુલભાઈ શેલડીયા, પ્રફુલભાઈ મનસુખભાઈ શેલડીયા તથા સંજયભાઈ મનસુખભાઈ શેલડીયા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની વડીલોપાર્જિત જમીનના ભાયુભાગ પડ્યા ત્યારે તેમની જમીનમાં સહિયારો કૂવો આવેલો હતો, જે બુરાઈ ગયો હતો. આ જગ્યામાં તેઓ તથા તેમના પિતા નજીક આવેલો રસ્તો સરખો કરવાનું કામ કરતા હતા, તે વખતે દર્શકભાઈ પ્રફુલભાઈ શેલડીયા હાથમાં પાઈપ લઈને આવ્યા હતા અને તેમના પિતા ઘનશ્યામભાઈને જમણા પગમાં એક ઘા માર્યો હતો. તેમજ તેમને પાટુ મારી નીચે પછાડી દીધા હતા અને ગળાના ભાગે નખ મારીને તથા ઢીકાપાટુનો આડેધડ મૂઢમાર માર્યો હતો.થોડી વારમાં અન્ય આરોપીઓ પણ આવ્યા હતા અને ત્રણેય આરોપીઓએ તેમને તથા તેમના પિતા ઘનશ્યામભાઈને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત, 'આ જમીન અમારી છે, અહીં તમે પગ મૂકતા નહીં નહીંતર તમને જાનથી મારી નાખીશું' એવી ધમકી આપી હતી.

# વિકાસના બિલો અટકાવવા અને ફાઈલો ગુમ કરવાના આક્ષેપ સાથે અમરેલી તા. પં. સદસ્યાની આંદોલનની ચીમકી

અમરેલી,તા.૨૭

અમરેલી તાલુકાના દેવભૂમિ દેવળીયા ગામના ભાવનાબેન સુખડીયાએ તાલુકા વિકાસ અધિકારી (TDO)ને પત્ર પાઠવી ૨ જૂન ૨૦૨૬થી ઉપવાસ આંદોલનની ચીમકી આપી છે. રજૂઆત મુજબ, તાલુકા પંચાયતના મદદનીશ ઈજનેર તુષાર કેસરી ભ્રષ્ટાચારના હેતુથી છેલ્લા ૩ મહિનાથી વિવિધ ગ્રામ પંચાયતોના વિકાસ કામોના બિલ અટકાવી રહ્યા છે. અગાઉ કરાયેલી ફરિયાદના રાગદ્વેષમાં ઈજનેરે દેવભૂમિ દેવળીયા સહિતના ગામોના એસ્ટીમેન્ટ અને એમ.બી. રેકર્ડ જેવી ફાઈલો ગુમ કરી સરપંચોને હેરાન કર્યા છે.પત્રમાં આક્ષેપ છે કે આ કર્મચારી નાણાકીય તોડ કરવા માટે વિઠ્ઠલપુર ખંભાળીયા અને પાણીયા ગ્રામ પંચાયતના કમ્પ્લીશન સર્ટીમાં ખોટી નોંધો કરી બ્લેકમેલ કરે છે. વારંવાર રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં ન લેવાતા, જો આગામી ૭ દિવસમાં આ ગંભીર બાબતનો યોગ્ય નિકાલ નહીં આવે તો તાલુકા પંચાયત કચેરી સામે ઉપવાસ આંદોલન શરૂ કરાશે. આ અંગેની નકલ જિલ્લા કલેક્ટર અને એસ.પી.ને પણ મોકલાઈ છે.


## શિક્ષકો જોઇએ છે

(નોન ગ્રાન્ટેડ શાળા માટે)

ડો. આંબેડકર કેળવણી મંડળ - બાંભણિયા સંચાલિત

ઉતર બુનિયાદી માધ્યમિક અને ઉ.મા.શાળા - બાંભણિયા

ધો.૯ થી ૧૦ ઉતર બુનિયાદી / ધો.૧૧-૧૨ સામાન્ય પ્રવાહ

| ક્રમ | જગ્યાનું નામ | વિષય | લાયકાત | સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | મદદનીશ શિક્ષક | ગણિત/વિજ્ઞાન | બી.એસ.સી.,બી.એડ. | ૧ |
| ૨. | મદદનીશ શિક્ષક | અંગ્રેજી | એમ.એ.બી.એડ. | ૧ |
| ૩. | મદદનીશ શિક્ષક | ગુજરાતી | એમ.એ.બી.એડ. | ૧ |
| ૪. | મદદનીશ શિક્ષક | સામાજીક વિજ્ઞાન | એમ.એ.બી.એડ. | ૧ |
| ૫. | મદદનીશ શિક્ષક | સમાજશાસ્ત્ર | એમ.એ.બી.એડ. | ૧ |
| ૬. | મદદનીશ શિક્ષક | મનોવિજ્ઞાન | એમ.એ.બી.એડ. | ૧ |
| ૭. | મદદનીશ શિક્ષક | તત્વજ્ઞાન | એમ.એ.બી.એડ. | ૧ |
| ૮. | મદદનીશ શિક્ષક | કૃષિવિદ્યા | બી.આર.એસ.બી.એડ. | ૧ |

ઉપરોક્ત વિષયની લાયકાત ધરાવતા ઉમેદવારોએ દિન-૧૦ (દસ) માં નીચેના સરનામે અરજી કરવાનું જણાવવામાં આવે છે.

(૧) કન્યા છાત્રાલય હોસ્ટેલવાળી શાળા હોય સ્ત્રી ઉમેદવારને પ્રથમ પસંદગી મળશે

(૨) શાળા નોન ગ્રાન્ટેડ હોવાથી ફી પર ચાલે છે.

મેનેજીંગ ટ્રસ્ટી

ઉતર બુનિયાદી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા (સામાન્ય પ્રવાહ)

સ્થળ :- સંસ્કાર વિદ્યાધામ

મુ. બાંભણિયા, તા. કુંકાવાવ, જી. અમરેલી - ૩૬૫૪૬૦


# રાજુલામાં જૂના રેલવે સ્ટેશન પાસેથી ફોર વ્હીલમાંથી વિદેશી દારૂની ૭ બોટલ ઝડપાઈ


રાજુલા, તા. ૨૭

રાજુલામાં જૂના રેલવે સ્ટેશન પાસેથી એક ફોર વ્હીલ ગાડીમાંથી વિદેશી દારૂની ૭ બોટલ ઝડપાઈ હતી. પોલીસે સુરત પાસિંગની કાર સહિત રૂ. ૭૫,૨૨૬નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત, જિલ્લામાં અન્ય સ્થળોએથી ૨૩ લોકો પાસેથી દેશી દારૂ મળી આવ્યો હતો, જ્યારે તાતણીયા ગામે એક રહેણાંક મકાનમાંથી ૧૦ લીટર દારૂ બનાવવાનો આથો પકડાયો હતો. જિલ્લામાં જુદી-જુદી જગ્યાએથી ૨૩ લોકો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# સાવરકુંડલામાં કેન્સર પીડિત પશુપાલકના પરિવાર પર મધમાખીઓનો આતંક

સાવરકુંડલા,તા.૨૭

સાવરકુંડલાના કાણકિયા કોલેજના ધાર વિસ્તારમાં છેલ્લા ૨૫ વર્ષથી પશુપાલન અને દૂધ વિતરણના વ્યવસાય સાથે સંકળાયેલા ભોળાભાઈ જાડાભાઈ ડાંગરના ૧૧ સભ્યોનો પરિવાર હાલ ભારે ભયના ઓથાર હેઠળ જીવી રહ્યો છે. ઘરના મોભી ભોળાભાઈ પોતે કેન્સરની ગંભીર બીમારીથી પીડિત છે અને પરિવાર આર્થિક સંકડામણનો સામનો કરી રહ્યો છે, તેવામાં છેલ્લા એક મહિનાથી તેમના ઘર નજીક આવેલા લીમડાના વૃક્ષ પર મોટી મધમાખીઓએ ડેરા જમાવ્યા છે.આજે સવારે પરિવારના એક મહિલા લીમડાના વૃક્ષ નીચે બેઠા હતા, ત્યારે અચાનક મધપૂડામાંથી ૧૦ થી ૧૨ મધમાખીઓએ તેમના પર હુમલો કર્યો હતો. મહિલાએ જીવ બચાવવા બાથરૂમ તરફ દોટ મૂકી હતી. આ કટોકટીની પળે ભોળાભાઈએ અદ્ભુત સમયસૂચકતા વાપરી પાણીની મોટર ચાલુ કરી પાઈપ વડે પાણીનો મારો ચલાવ્યો હતો, જેના



કારણે મધમાખીઓ વિખેરાઈ ગઈ હતી અને મહિલાનો બચાવ થયો હતો જોકે, મહિલાને ઈજાઓ પહોંચી છે.આ ઘટનાથી પરિવાર અને બાળકોમાં ભારે દહેશત વ્યાપી છે. ભોળાભાઈએ આ અંગે નગરપાલિકાના સદસ્યને રજૂઆત કરતાં તેમણે ×આ અમારા કાર્યક્ષેત્રમાં ન આવે, વન વિભાગનો સંપર્ક કરો× કહીને જવાબદારીમાંથી હાથ ધોઈ નાખ્યા હતા. ત્યારબાદ ભોળાભાઈએ વન વિભાગનો સંપર્ક સાધતા, ત્યાંથી કોઈ સરકારી મદદ આપવાના બદલે એક ખાનગી વ્યક્તિનો નંબર પધરાવી દેવાયો હતો. દુર્ભાગ્યે, તે ખાનગી વ્યક્તિનો સંપર્ક કરતાં જાણવા મળ્યું કે તેઓ હાલ કોઈ સામાજિક પ્રસંગમાં વ્યસ્ત છે.


Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com








|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ યમુના જ્વેલર્સ (અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે, આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# M.R.P.ના નામે થતી લૂંટ રોકવા અમરેલીમાં કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું

**કડક કાયદો બનાવવાની માંગ કરાઈ**



અમરેલી,તા.૨૭

અખિલ ભારતીય ગ્રાહક પંચાયત દ્વારા અમરેલી જિલ્લા કલેક્ટરને કેન્દ્રબ સરકાર જોગ આવેદનપત્ર પાઠવીને એમ.આર.પી. ના નામે થતી નફાખોરી અને ગ્રાહકોની આર્થિક લૂંટ રોકવા કડક કાયદો બનાવવાની માંગ કરવામાં આવી છે.ગ્રાહક પંચાયતે રજૂઆત કરતાં જણાવ્યું કે, ચોક્કસ નીતિ-નિયમોના અભાવે ઉત્પાદક કંપનીઓ વાસ્તવિક ઉત્પાદન ખર્ચ કરતાં અનેક ગણી વધુ કિંમત છાપીને ગ્રાહકોનું શોષણ કરે છે. મેડિકલ સ્ટોર્સ પર આ દવાઓ છાપેલી કિંમતે જ વેચાતી હોવાથી સામાન્ય નાગરિકો મોટા પાયે લૂંટાઈ રહ્યા છે. આ અનિયંત્રિત નફાખોરી સામે તાત્કાલિક કાયદાકીય નિયંત્રણ લાવવાની માંગ સાથે અમરેલી જિલ્લાના સહ સંયોજક જગત કોટેચા, સંજયભાઈ અગ્રાવત સહિતના કાર્યકર્તાઓએ કલેક્ટર કચેરી ખાતે રૂબરૂ રજૂઆત કરી હતી.

# બાબરા નગરપાલિકામાં સત્તા સંભાળ્યાના દસ જ દિવસમાં આંતરિક વિવાદ સપાટી પર

**નવનિયુક્ત હોદ્દેદારો અને પક્ષના જ આગેવાનો વચ્ચે અસંતોષ**

બાબરા,તા.૨૭

બાબરા નગરપાલિકામાં ભાજપ શાસિત નવનિયુક્ત હોદ્દેદારોએ સત્તાના સૂત્રો સંભાળ્યાને હજુ દસ દિવસ પણ પૂર્ણ થયા નથી, ત્યાં જ પક્ષમાં આંતરિક વિવાદ અને અસંતોષના સૂર સપાટી પર આવ્યા છે. પાલિકાના કામકાજ અને વહીવટી નિર્ણયોને લઈ ભાજપના જ કેટલાક સભ્યોમાં ભારે નારાજગી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

નવી ટીમ ગત ટર્મ દરમિયાન ઉભી થયેલી ભ્રષ્ટાચાર અને ગેરવહીવટની નકારાત્મક છાપને ભૂંસીને શહેરમાં પારદર્શક વહીવટ આપવા પ્રયાસ કરી રહી છે. જોકે, વિકાસલક્ષી કામગીરી શરૂ થાય તે પહેલાં જ આંતરિક મતભેદો બહાર આવતા સ્થાનિક રાજકારણ ગરમાયું છે. ચર્ચા મુજબ, પક્ષના જ કેટલાક કહેવાતા આગેવાનો દ્વારા નવનિયુક્ત પ્રમુખ સહિતના હોદ્દેદારો પર દબાણ લાવી હેરાનગતિ કરવામાં આવી રહી છે, જેના પડઘા ભાજપ સંગઠન સુધી પહોંચ્યા છે.

ખાસ કરીને વોર્ડ નંબર ૨ ના કામો અને નિર્ણયોને લઈ ઉભા થયેલા મતભેદો વિવાદનું મુખ્ય કેન્દ્ર બન્યા છે. શહેરની જનતા નવી ટીમ પાસે સુશાસનની અપેક્ષા રાખી રહી છે ત્યારે શરૂઆતના દિવસોમાં જ શરૂ થયેલી આ ખેંચતાણ ચર્ચાનો વિષય બની છે. હવે સંગઠન આ વિવાદ કેવી રીતે શમાવે છે તેના પર સૌની નજર છે.

# સાવરકુંડલામાં પરિણીતાનું, છતડિયા ગામે યુવકનું ઝેરી દવા પીવાથી મોત

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં બે લોકોના ઝેરી દવા પીવાથી મોત થયા હતા. સાવરકુંડલામાં પરિણીતાનું અને છતડિયા ગામે એક પુરુષનું મોત થયું હતું. સાવરકુંડલામાં રહેતા કુંદનબેન ગીરીશભાઈ ચાવડા (ઉ.વ. ૪૦) એ જાહેર કર્યા મુજબ, અનિતાબેન રમેશભાઈ ચોટલીયા (ઉ.વ.૩૨) કોઈ અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાનો 'સલ્ફોસ' નામનો ઝેરી પાવડર પી જતાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

બીજા બનાવમાં રાજુલાના છતડિયા ગામે રહેતા ધનીબેન પીઠાભાઈ સરવૈયા (ઉ.વ. ૫૩)એ જાહેર કર્યા મુજબ, ભાવેશભાઈ પીઠાભાઈ સરવૈયા (ઉ.વ. ૨૫) કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતાં તેમનું મોત થયું હતું.


સંકુલ ધો.૧૧-૧૨ પ્રવેશ ચાલુ
ધો. ૧૧-૧૨ સાયંસ ગર્લ્સ બપોર
ધો. ૧૧-૧૨ સાયંસ મિશ્ર સવાર
ધો. ૧૧-૧૨ સાયંસ EM સવાર
ધો. ૧૧-૧૨ કોમર્સ ગર્લ્સ બપોર
ધો. ૧૧-૧૨ કોમર્સ મિશ્ર સવાર
ધો. ૧૧-૧૨ કોમર્સ EM સવાર
ધો. ૧૧-૧૨ આર્ટસ ગર્લ્સ બપોર
ધો. ૧૧-૧૨ આર્ટસ મિશ્ર સવાર
ધો. ૧૧-૧૨ Bio - Maths ગ્રૂપ
ધો. ૧૧-૧૨ EM- GM મિડીયમ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી- Ad082


# વડિયા બ્રહ્મસમાજનું ગૌરવ: શિક્ષિકાએ પીએચ.ડી.ની ડિગ્રી મેળવી

વડિયા, તા. ૨૭



વડિયાનાં ભાણેજ નિશા જયંતિલાલ ભટ્ટે શિક્ષણ ક્ષેત્રે પીએચ.ડી.ની પદવી હાંસલ કરી છે. તેઓ હાલમાં મહેસાણા જિલ્લાના કટોસણ ખાતેની શાહ એસ.એમ. હાઈસ્કૂલમાં શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવી રહ્યા છે. વડિયાના અશ્વિનભાઈ મહેતા, અતુલભાઈ મહેતા તથા એડવોકેટ સંજયભાઈ મહેતાના ભાણેજ ડૉ. નિશા ભટ્ટની આ નોંધપાત્ર સિધ્ધિ બદલ પરિવારજનો, શુભેચ્છકો તેમજ સમગ્ર વડિયા બ્રહ્મસમાજમાં ગૌરવની લાગણી વ્યાપી છે.

# અમરેલી બ્રોડગેજ લાઈન પ્રોજેક્ટમાં હજુ ત્રણ મહિના વિલંબની શક્યતા

અમરેલી.તા.૨૭

અમરેલી મિશન બ્રોડગેજના પ્રમુખ રાજેશભાઈ ગાંધીએ જણાવ્યું છે કે, સ્થાનિક રેલ્વે તંત્રની ધીમી કામગીરી અને આયોજનના અભાવે બ્રોડગેજ લાઈનનું કામ હજુ ઓછામાં ઓછા ત્રણ મહિના પાછળ ધકેલાય તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. કેરિયા રોડ પર આવેલા ૨૧ નંબરના ફાટક પાસે અંડરગ્રાઉન્ડ બોક્સ બનાવવાની અટકેલી કામગીરી અને માચીયાળા પાસે જમીન સંપાદનની ધીમી પ્રક્રિયાને કારણે રેલ્વે લાઈનનું કામ અધ્ધરતાલ લટકી પડ્યું છે.

આ ઉપરાંત, અમરેલી જૂના સ્ટેશનને તોડવા અંગે રાજ્ય સરકાર તરફથી કોઈ મંજૂરી ન મળતા તંત્રની લાપરવાહી ઉઘાડી પડી છે. અધિકારીઓની આવી ઢીલી નીતિથી મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# બગસરામાં જોષી પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન

બગસરા, તા. ૨૭



બગસરામાં સમસ્ત બ્રહ્મસમાજ ખાતે જોષી પરિવાર દ્વારા અધિક માસ દરમિયાન શ્રીમદ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કથા દરમિયાન ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવ, ભગવાનની લીલાનું વર્ણન, રાસોત્સવ અને રાત્રે ભવ્ય સુંદરકાંડ તેમજ ભજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સપ્તાહમાં યજમાન દિવ્યેશભાઈ જોષી તેમજ વ્યાસ પીઠ ઉપર શાસ્ત્રી વિપુલભાઈ શાસ્ત્રીનું સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# બાબરામાં વાડીના ફરજામાં આગ લાગતાં ગાય અને પાડીનું મોત

બાબરા, તા. ૨૭

બાબરામાં રહેતા ધનજીભાઈ અમરશીભાઈ કારેટીયા (ઉ.વ.૬૫) એ જણાવ્યા મુજબ, તેમની વાડીએ આવેલા ઈલેક્ટ્રિક ટીસીની બાજુમાં વાડીના મકાન તથા પશુ બાંધવાના ફરજામાં (ગમાણમાં) કોઈ કારણોસર આગ લાગી હતી. આ આગને કારણે ફરજામાં બાંધેલી એક ગાય અને પાડી ગંભીર રીતે દાઝી જતાં મરણ પામ્યા હતા.

## અવસાન નોંધ

**જામનગર**

જામનગર નિવાસી શ્રીમાળી યજુર્વેદ બ્રાહ્મણ ભરતભાઇ જન્મશંકર શુક્લનાં ધર્મપત્ની જે જયભાઇનાં માતુશ્રી અને ક્રિષ્નાબેનનાં સાસુ શ્રીમતી નિલાબેનનું દુઃખદ અવસાન તા. ૨૬-૫-૨૬ મંગળવારના રોજ થયેલ છે.સદગતની પ્રાર્થના સભા તા. ૨૮-૫-૨૬ ગુરૂવાર જામનગર શ્રી શ્રીમાળી યજુર્વેદ બ્રાહ્મણ ની જ્ઞાતિ આમ્બલીયા કુવા વારી શેરી વંડાફળીમાં સાજનાં ૫-૩૦ થી ૬ સમયે ભાઇઓ તથા બહેનો માટે રાખેલ છે.

**જામનગર**

સ્વ મહેન્દ્રભાઈ ભાનુશંકર ભટ્ટ તથા જ્યોતિબેન મહેન્દ્રભાઈ ભટ્ટના પુત્ર, જયેશભાઈ બી ભટ્ટના ભત્રીજા અને પાર્થ જે ભટ્ટના ભાઈ સ્વ પ્રતીક મહેન્દ્રભાઈ ભટ્ટનું ઉઠમણું તારીખ ૨૮/૦૫/૨૦૨૬ ગુરુવારના રોજ ભાઈઓ તથા બહેનો માટે પાબારી હોલ(તળાવ ની પાળ) સાંજે ૬ થી ૬.૩૦ કલાકે રાખેલ છે.

**ધોરાજી**

સ્વ. અશોકભાઈ ચંદ્રકાંતભાઈ ખંધેડીયા (ઉં. ૭૨) તે વિરલ અશોકભાઈ ખંધેડીયા તથા વૈશાલીબેન તથા સ્વાતીબેન જીતકુમાર રામાણીના પિતાશ્રી, તેમજ સ્વ.મહેન્દ્રભાઈ, સ્વ. રાજેશભાઈ, હરેશભાઈના ભાઈ, તેમજ સ્વ.ગોરધનદાસ રામજીભાઈ ઠક્કર જામનગર વાળાના જમાઈનું તારીખ ૨૬/ ૬/ ૨૦૨૬ મંગળવાર ના રોજ શ્રીજી ચરણ પામેલ છે તેમની પ્રાર્થના સભા તારીખ ૨૮/૬/૨૦૨૬ ગુરૂવાર સાંજે ૫ થી ૬:૩૦ (પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.) જલારામ વાડી જુનાગઢ રોડ ધોરાજી ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

ચોટલીયા અનિતાબેન રમેશભાઈ ( ઉં.વ૩૩) ને તા ૨૬/૫/૨૬ ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે સદગતનુ બેસણું તા ૨૮/૫/૨૬ ને ગુરુવાર ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે અમારા નિવાસસ્થાને ગેસ ગોડાઉન રોડ ગણેશવાડી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

## નામ બદલાવેલ છે

આથી સોગદપૂર્વક જણાવું છું કે મારૂ જૂનું નામ માવાજીભાઈ મધુભાઈ સુદાણી હતું જે તેમાંથી બદલાવી નવું નામ માવજીભાઈ મધુભાઈ સુદાણી રાખેલ છે. હવેથી હું માવજીભાઈ મધુભાઈ સુદાણી નામથી ઓળખાઈશ તેની સર્વોએ નોંધ લેવી.

માવજીભાઈ મધુભાઈ સુદાણી
૧૨, ગોકુળ એપાર્ટમેન્ટ, કલ્યાણ સોસાયટી,
મહુવા રોડ, સાવરકુંડલા જી. અમરેલી ૩૬૪૫૧૫















## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૦૨/૨૦૨૬ — તા.૨૫/૦૫/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. વિનુભાઈ મોહનભાઈ વિરાણી
રહે.સુરજવડી, બાઢડા, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી બાઢડા,તા. સાવરકુંડલા,

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી શિલ્પાબેન વિનુભાઈ વિરાણીનો જન્મ તા.૧૧/૦૨/૧૯૮૨ ના રોજ મુ.બાઢડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૩૦/૨૦૨૬ — તા.૨૫/૦૫/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. કમળાબેન દેવશીભાઈ બોરડ
રહે.સી ૨૦૪, સંજીવની હાઈટસ, સ્વસ્તીક ટાવર પાછળ, અભિનંદન સોસાયટીની સામે, સરથાણા સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી રામગઢ,તા. સાવરકુંડલા,

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી હેતલબેન દેવશીભાઈ બોરડનો જન્મ તા.૨૧/૦૮/૧૯૮૭ ના રોજ મુ.રામગઢ, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૨૯/૨૦૨૬ — તા.૨૫/૦૫/૨૦૨૬

અરજદારશ્રીઃ- ૧. કમળાબેન દેવશીભાઈ બોરડ
રહે.સી ૨૦૪, સંજીવની હાઈટસ, સ્વસ્તીક ટાવર પાછળ, અભિનંદન સોસાયટીની સામે, સરથાણા સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી રામગઢ,તા. સાવરકુંડલા,

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર જગદીશભાઈ દેવશીભાઈ બોરડનો જન્મ તા.૦૪/૦૨/૧૯૮૨ ના રોજ મુ.રામગઢ, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૬/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.


**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**




# કુંકાવાવમાં ડીઝલ માટે ખેતી અને ઘરબાર છોડી ખેડૂતો અડધી રાત્રે રસ્તા પર સૂવા મજબૂર

કુંકાવાવ, તા.૨૭

કુંકાવાવ પંથકમાં વર્તમાન સમયમાં ખેતી બચાવવા માટે અત્યંત જરૂરી એવા ડીઝલની તીવ્ર અછત સર્જાઈ છે. આ ગંભીર પરિસ્થિતિને કારણે ખેડૂતો પોતાના ઘરબાર અને ખેતીકામ અધવચ્ચે છોડીને રસ્તા પર ઉતરી આવ્યા છે. કુકાવાવમાં ડીઝલ મેળવવા માટે ટ્રેક્ટરો અને કેરબાઓની



કિલોમીટર લાંબી લાઈનો જોવા મળી રહી છે. ખેડૂતોને કાળઝાળ ગરમીમાં આખી રાત ખુલ્લા આકાશ નીચે રસ્તા પર જ વિતાવવી પડે છે. તેમની પાસે ખાવા-પીવાના પણ કોઈ ઠેકાણા રહ્યા નથી. ખેડૂતો અત્યારે માત્ર ડીઝલના ટેન્કરની વાટ જોઈ રહ્યા છે.

જો સમયસર ડીઝલ નહીં મળે તો તેમની આખી સીઝન બગડશે. તેથી, સ્થાનિક તંત્ર તાકીદે પૂરતો ડીઝલનો જથ્થો ઉપલબ્ધ કરાવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

# લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

લીલીયા, તા.૨૭

લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. એમ.ડી. સાળુંકેની સૂચના અને પી.એસ.આઈ. વાય.એમ. જાડેજાની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આગામી બકરી ઈદનો તહેવાર શાંતિપૂર્ણ અને ભાઈચારાના વાતાવરણમાં ઉજવાય તેવા આશયથી હિન્દુ-મુસ્લિમ સમાજના અગ્રણીઓ



સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકનો મુખ્ય હેતુ લીલીયા તાલુકામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવાનો તેમજ તમામ ધર્મના લોકો પરંપરાગત રીતે હળીમળીને તહેવાર મનાવે તે માટેનો હતો. પી.એસ.આઈ. જાડેજાએ નાગરિકોને સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓથી દૂર રહેવા અને કોઈ પણ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તુરંત પોલીસનો સંપર્ક કરવા અપીલ કરી હતી. સ્થાનિક આગેવાનોએ પણ વહીવટી તંત્રને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી છે.

# રાજુલાના વિક્ટર ગામે કારની ટક્કર બાદ ૫ વર્ષની બાળકીને માથામાં હેમરેજ

રાજુલા, તા.૨૭

રાજુલાના વિક્ટર ગામે પૂરઝડપે અને બેફિકરાઈથી આવી રહેલી ઈકો કારના ચાલકે રસ્તે ચાલતી જતી ૫ વર્ષની માસૂમ બાળકીને જોરદાર ટક્કર મારી હતી. બાળકી કારની સાથે રોડ પર આશરે ૧૦ ફૂટ સુધી ઢસડાઈ હતી, જેના કારણે તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં હેમરેજ થયું હતું.આ અંગે દિનેશભાઈ બાબુભાઈ ગુજરીયા (ઉ.વ.૩૨)એ ઈકો ગાડી (રજી. નં. GJ ૨૩ H ૭૬૬૧)ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, તેમની ૫ વર્ષની દીકરી ભાવનગર-સોમનાથ હાઈવે રોડ પર આવેલા વિક્ટર ગામના સર્વિસ રોડ પરથી ચાલીને જઈ રહી હતી ત્યારે પાછળથી કાર ચાલકે તેને જોરદાર ટક્કર મારી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી. બી. ઝીંઝાળા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

**સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મનદુઃખમાં**

# 'કેમ ટેકેદાર બન્યો છે?' તેમ કહી ચલાલાના ગોપાલગ્રામમાં કુહાડી અને ધોકા વડે જીવલેણ હુમલો

**હવે પછી રસ્તામાં આવ્યો તો જીવતો નહીં મૂકું!**

ચલાલા, તા.૨૭

ચલાલા નજીક આવેલા ગોપાલગ્રામમાં તાલુકા પંચાયતની ચૂંટણીની જૂની અદાવત અને મનદુઃખ રાખીને એક પ્રૌઢ પર રાત્રિના સમયે ઘરમાં ઘૂસીને કુહાડી તથા લાકડાના ધોકા વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની સળગતી ઘટના સામે આવી હતી. ચૂંટણીમાં ઉમેદવારના ટેકેદાર બનવા બદલ તેમને બંને પગે અને હાથે ગંભીર ફ્રેક્ચર થયું હતું તેમજ શરીરે અસંખ્ય ટાંકા લેવા પડ્યા હતા. હાલ સુરત રહેતા મૂળ ગોપાલગ્રામના વિઠ્ઠલભાઈ માવજીભાઈ મોરડીયા (ઉ.વ. ૬૨) એ તેમના જ ગામના જયદીપભાઈ બાવકુભાઈ વાળા તથા સુરેશભાઈ ભોજભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસ ફરિયાદની વિગતો અનુસાર, ગોપાલગ્રામના વતની અને ખેતીકામ કરતા તેમના મિત્ર રાજુભાઈ દિલુભાઈ વાળાએ ધારી તાલુકા પંચાયતની સીટ પરથી ચૂંટણીમાં ફોર્મ ભર્યું હતું. આ ચૂંટણીમાં વિઠ્ઠલભાઈ તેમના સત્તાવાર ટેકેદાર બન્યા હતા અને તેમણે ચૂંટણી પ્રચારમાં ખૂબ જ મદદ કરી હતી. આ બાબતનો ખાર અને રાગ-દ્વેષ રાખીને રાત્રે તેઓ જ્યારે પોતાના ઘરે સૂતા હતા, ત્યારે આરોપી જયદીપભાઈ બાવકુભાઈ વાળા હાથમાં કુહાડી લઈને અને સુરેશભાઈ ભોજભાઈ વાળા લાકડાનો ધોકો લઈને આવ્યા હતા અને દરવાજો ખખડાવ્યો હતો. તેમણે ઘરની અંદરથી પૂછ્યું કે, "કોણ છે?", ત્યારે બહારથી જયદીપભાઈએ "હું જયદીપ છું અને તારું કામ છે" તેમ કહી વિશ્વાસમાં લઈ દરવાજો ખોલાવ્યો હતો.તેમણે જેવો દરવાજો ખોલ્યો કે તરત જ બંને આરોપીઓ ઘરમાં ગેરકાયદેસર રીતે પ્રવેશી ગયા હતા અને બિભત્સ ગાળો આપવા લાગ્યા હતા. આરોપીઓએ તેમને, "તું કેમ રાજુભાઈ દિલુભાઈ વાળાનો ટેકેદાર થયો છે?" તેમ કહીને કુહાડી અને ધોકા વડે આડેધડ માર માર્યો હતો, જેના કારણે તેમના બંને પગ ભાંગી ગયા હતા. ઉપરાંત આરોપીઓએ જતાં-જતાં ધમકી આપી હતી કે, "જો હવે પછી રસ્તામાં આડો આવ્યો છે, તો તને જીવતો નહીં મૂકું." આ મામલે ચલાલા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ આર. એચ. રતન વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર આયોજિત ગોષ્ઠિ બેઠક સંપન્ન

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવારના પ્રમુખ મનીષાબેન પંડ્યા પ્રેરિત અને વરિષ્ઠ કવિ ઉમેશભાઈ જોષીથી પ્રોત્સાહિત સાહિત્ય ગોષ્ઠિ બેઠક રવિવારે રમાબેન પંડ્યા હોલમાં આયોજિત કરવામાં આવી હતી. આ બેઠકના પ્રારંભ પરેશ મહેતાએ સહુને આવકારી બેઠકના હેતુ વિશે વાત કરી હતી.વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કાલિન્દી પરીખ, શિક્ષણવિદ રવજીભાઈ કાચાની વિશેષ ઉપસ્થિતિ અને ગ્રામ્ય



વિસ્તારમાંથી પ્રથમ વખત આવેલ લેખિકા ચંદ્રિકા રંગપરિયાની ઉત્સાહભેર હાજરી એમના કાવ્ય પાઠ સહિત અમરેલી પંથકના સર્જકો સર્વ ડૉ. કેતન કાનપરિયા, નિખિલ વસાણી, સલીમ શેખ, કનુભાઈ લીંબાસિયા, ફિરોઝ હસનાની, શીલા મહેતા, યોગેશ ભટ્ટ, ડૉ. ગોપી રાઠોડ, રોહિણીબેન જોષી, હસમુખ મહેતા, કે.પી. પંડ્યા સહિતનાએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. ઉમેશ ચાવડાએ નાટય સંવાદ રજૂ કરેલ. બેઠકને સફળ બનાવવા ભીખુભાઈ અગ્રાવતે જહેમત ઉઠાવી હતી.

# બગસરાની મોટી હવેલીમાં શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ

બગસરા,તા.૨૭

અહીંની મોટી હવેલીમાં વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. ૧૦૮ શ્રી મહાપ્રભુજી મહારાજની આજ્ઞા



અને પૂ.પા.ગો. ૧૦૮ શ્રી રાસેશ્વરબાવાના અધ્યક્ષસ્થાને શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થયો છે. સુરતના કથાકાર શ્રી જૈમિનીભાઈ પોતાની સંગીતમય શૈલીમાં કથામૃતનું રસપાન કરાવી રહ્યા છે.કથા દરમિયાન તા. ૨૮ના રોજ કૃષ્ણ પ્રાગટ્ય, તા. ૨૯ના રોજ ગિરિરાજ ઉત્સવ અને તા. ૩૦ના રોજ રુકમિણી વિવાહ પ્રસંગ ધામધૂમથી ઉજવાશે. દરરોજ બપોરે ૪ થી ૭ કલાકના કથા શ્રવણ બાદ બાવાશ્રીના વચનામૃતનું વ્યાખ્યાન યોજાય છે. સમગ્ર વૈષ્ણવ સમાજ કથાનો લ્હાવો લઈ રહ્યો છે.

# અમરેલીમાં પૂ. મુક્તાનંદ બાપુના જન્મદિને 'શ્રવણનું ઘર'નામથી ટીફીન સેવાનો પ્રારંભ

અમરેલી,તા.૨૭

અમરેલીના સનાતન સેવા મંડળ દ્વારા અગ્નિ અખાડાના અધ્યક્ષ મુક્તાનંદ બાપુ (ચાપરડા)ના જન્મ દિને જરૂરિયાતમંદ લોકોને ભોજન કરાવવા 'શ્રવણનું ઘર' નામથી નિઃશુલ્ક/રાહત દરે ટીફીન સેવાનો આજે પ્રારંભ કરવામાં આવ્યો છે. આ તકે માનવ મંદિર, સાવરકુંડલાના ભક્તિબાપુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અમરેલી શહેર



અને આસપાસના વિસ્તારના અસહાય અને જરૂરિયાતમંદ વૃધ્ધો તેમજ દર્દીઓ સુધી પૌષ્ટિક ભોજન પહોંચાડી શકાય તે માટેના અદભુત સેવા કેન્દ્રનું નિર્માણ થયું છે. આ કાર્યક્રમમાં વિસ્તારના અગ્રણીઓ અને સેવાભાવી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં મુકુંદભાઈ મહેતા, ભરતભાઈ મહેતા સહિતના હાજર રહ્યાં હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ બારસ
તા.૨૮-૦૫-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૫:૨૪,
સૂર્યાસ્ત-૦૭:૧૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ચિત્રા

## દૈનિક રાશિફળ

તા. ૨૮-૦૫-૨૦૨૬ ગુરુવાર

મેષ: આજે તમે શાંત દિવસ પસાર કરશો. આજે કાર્યક્ષેત્રમાં ધંધો કંઈ ખાસ રહેશે નહીં, છતાં આત્મસંતોષની લાગણીને કારણે મન પરેશાન નહીં થાય.

વૃષભ: આજે તમારા માટે પ્રગતિનો દિવસ છે. કાર્યસ્થળ પર અનુકૂળ વાતાવરણ રહેશે એટલે સફળ થશો, તેના પરિણામ ચોક્કસપણે નાણાકીય લાભોના રૂપમાં મળશે.

મિથુન: નોકરી કરતા લોકોને વધારે કામ મળતા થોડી અગવડતા રહી શકે છે, પરંતુ બપોર સુધીમાં મહેનતનું ફળ મળવાનું શરૂ થઈ જશે.

કર્ક: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ ડીલ રદ થવાની અથવા અન્ય કોઈપણ પ્રકારનો અવરોધ ઊભો થાય તેવી સંભાવના છે.

સિંહ: આ દિવસે તમારો નિત્યક્રમ થોડો અશાંત રહી શકે છે. તમારે કોઈ ખર્ચાળ કામ કરવા પડશે, જે પારિવારિક સુખ અને શાંતિ માટે જરૂરી રહેશે.

કન્યા: આજે તમે જાહેર કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપશો. તમારા પરિવારની પ્રતિષ્ઠા વધારવા બદલ તમારા પરિવારના સભ્યોને તમારા પર ગર્વ થશે.

તુલા: આજે તમારી અંદર વધુ ચંચળતા રહેશે. જો મન કોઈ એક નિર્ણયને વળગી નહીં રહે તો લાભની તકો ખોવાઈ શકે છે.

વૃશ્ચિક: આજે સિધ્ધિનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી કોઈપણ કાર્ય પૂર્ણ કરવા ઉતાવળ રહેશે. વેપારી વર્ગને આજે થોડી વધુ મહેનત કરવી પડી શકે છે.

ધન: આજનો દિવસ તમારા માટે વિપરિત પરિસ્થિતિવાળો હોઈ શકે છે. તમે જે પણ કાર્ય કરો છો તેની સફળતા શંકાસ્પદ રહેશે.

મકર: આ દિવસે તમારી પોતાની ભૂલથી નુકસાન પહોંચાડી શકો છો. તમારા નિર્ણયને વળગી નહીં રહો તો જાહેર ક્ષેત્રમાં અથવા પરિવારમાં ટીકાઓનો સામનો કરવો પડી શકે છે.

કુંભ:તમારા માટે આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. તમે કાર્યો પ્રત્યે બહુ ગંભીર નહીં રહો, તેમ છતાં તમે જે કાર્ય કરો છો તેમાં નિશ્ચિત સફળતા મળશે.

મીન: તમારે અનેક કાર્યોનો સામનો કરવો પડશે. ખર્ચ આવક કરતા વધારે હોઈ શકે છે, પરંતુ ફક્ત જરૂરી કામોમાં ખર્ચ કરશો.

# વડિયામાં સીઝ કરાયેલા યુનિટને ગેરકાયદે ધમધમતું કરી લાખોના મુદ્દામાલની અફરાતફરી: ત્રણ સામે ગુનો

વડિયા,તા.૨૭

વડિયાના બાંટવા દેવળી રોડ પર તંત્ર દ્વારા સીઝ કરાયેલા એક મોટા ઔદ્યોગિક યુનિટમાં માલિક અને મેનેજરે કાયદાનો અનાદર કરીને ગેરકાયદેસર રીતે કામકાજ શરૂ કરી દીધું હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. સરકારી હુકમનો ભંગ કરવા બદલ નાયબ મામલતદાર યોગેશભાઈ બારડે યુનિટના માલિક પિયુષભાઈ જાડેજા, મેનેજર અર્જુનભાઈ પાનસુરીયા અને ટ્રક ચાલક નૌશાદભાઈ ચૌધરી વિરૂધ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.ખોડાભાઈ પરમારની વાડીમાં ચાલતા આ પ્રોસેસિંગ યુનિટમાં ગેરરીતિ જણાતા તંત્રએ રૂ. ૫૪,૭૮,૦૦૦ નો જથ્થો સીઝ કર્યો હતો.

આમ છતાં આરોપીઓએ બદદાનતથી યુનિટ ફરી ધમધમતું કરીને કાર્બન પાવડર અને લોખંડના તારનું ગેરકાયદેસર ઉત્પાદન ચાલુ રાખ્યું હતું.

તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓએ સીઝ કરાયેલા જથ્થામાં ભારે છેડછાડ કરી છે, જેમાં ૩૦ ટન વપરાયેલ ટાયરનો જથ્થો બગાડ કરીને માત્ર ૧૦ ટન જ રહેવા દીધો હતો.

સરકારી સીલ તોડીને લાખો રૂપિયાના મુદ્દામાલની અફરાતફરી કરવાના આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે બાગાયતની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે અરજી કરવા અનુરોધ

અમરેલી તા. ૨૭

અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે બાગાયત ખાતા દ્વારા નવી યોજનાઓ બહુસ્તરીય પદ્ધતિથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ, રાઈઝોમેટીક (આદુ, હળદર) પાકોને પ્રોત્સાહિત કરવાનો કાર્યક્રમ તથા ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાનો કાર્યક્રમ જેવી યોજના મંજૂર થયેલી છે.આ યોજનાઓનો લાભ લેવા માટે નવીન "આઇ-ખેડુત પોર્ટલ 2.0" મારફત ઓનલાઇન અરજી સ્વીકારવામાં આવનાર છે. લાભ લેવા માંગતા બાગાયતદારો એ તા. ૨૦.૦૫.૨૦૨૬ થી તા. ૧૯.૦૬.૨૦૨૬ દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭ થી નવીન આઇ-ખેડૂત પોર્ટલ 2.0 પર નોંધણી કરેલ તેમજ નવા નોંધણી થનાર ખેડૂતોએ પોતાનું આધાર ઓથેન્ટીકેશન ફરજિયાત કરવાનું રહેશે. ત્યારબાદ જ ઓનલાઇન અરજી કરી શકાશે.

# બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે બીમારીથી કંટાળી વૃધ્ધાએ જીવન ટૂંકાવ્યું

બાબરા, તા.૨૭

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે એક વૃધ્ધાએ લાંબા સમયની બીમારીથી કંટાળીને અંતિમ પગલું ભર્યું હતું. ડાયાબિટીસ અને બ્લડપ્રેશરની તકલીફથી પરેશાન ૬૫ વર્ષના વૃધ્ધાએ અનાજમાં નાખવાના ઝેરી ટીકડા ખાઈ લેતા, સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજ્યું હતું. ચેતનભાઈ પોપટભાઈ દુધાત (ઉ.વ. ૩૬)એ જાહેર કર્યા મુજબ, દિવાળીબેન પોપટભાઈ દુધાત (ઉ.વ. ૬૫) છેલ્લા ઘણા સમયથી ડાયાબિટીસ અને બ્લડપ્રેશરની ગંભીર બીમારીઓથી પીડાતા હતા. આ ઉંમરે સતત રહેતી શારીરિક તકલીફો અને બીમારીથી તેઓ માનસિક રીતે કંટાળી ગયા હતા. આ અસહ્ય બીમારીના કંટાળામાં તેમણે ગઈકાલે પોતાના ઘરે અનાજમાં મૂકવાના ઝેરી ટીકડા ખાઈ લીધા હતા. જે બાદ તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. એલ. ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં મોટરસાયકલ આડે અચાનક કૂતરું ઉતરતાં અકસ્માત સર્જાયો

**ચાલકનું સારવાર દરમિયાન મોત**

બગસરા, તા.૨૭

બગસરા પંથકમાં માર્ગ પર રખડતા પશુઓના કારણે વધુ એક નિર્દોષ ચાલકે પોતાનો જીવ ગુમાવ્યો હોવાની ઘટના સામે આવી હતી.

મોટરસાયકલ લઈને પસાર થઈ રહેલા એક શખ્સ આડે અચાનક કૂતરું આડું પડતાં બાઈક સ્લિપ થઈ ગઈ હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ચાલકનું સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હતું. મોટા મુંજીયાસર ગામે રહેતા મૌલિકભાઈ રતિલાલ પાનસુરીયા (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, રતિલાલ પરશોતમભાઈ પાનસુરીયા (ઉ.વ.૫૫) બગસરા અટલજી પાર્ક પાસેથી પસાર થતાં હતા ત્યારે અચાનક એક કૂતરું દોડીને બાઈક આડું આવી ગયું હતું. જેથી બાઈક રોડ પર સ્લિપ થઈ જતા માથા તથા શરીરે ઈજાઓ થતા સારવાર દરમ્યાન મરણ પામ્યા હતા. બગસરા પોલીસ સ્ટેશનના એએસઆઈ પી ડી કલસરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# ઉત્તર કોરિયાનો અમેરિકાને પડકાર

વિશ્વ રાજકારણમાં ઉત્તર કોરિયાનું નામ ફરી એકવાર ચિંતાનું કેન્દ્ર બની ગયું છે. પરમાણુ ક્ષમતા ધરાવતી ક્રૂઝ મિસાઈલ, કૃત્રિમ બુધ્ધિ આધારિત હથિયારો અને નવી પેઢીની બેલિસ્ટિક મિસાઈલોના પરીક્ષણના દાવા માત્ર ટેક્નોલોજીનો દેખાવ નથી, પરંતુ એ સમગ્ર પૂર્વ એશિયાની સુરક્ષા વ્યવસ્થાને પડકારતી એક ગંભીર ચેતવણી છે. કિમ જોંગ ઉનના નેતૃત્વ હેઠળ ઉત્તર કોરિયા હવે એ સંદેશ આપવા માગે છે કે આ નાનું અને આર્થિક રીતે નબળું દેશ પણ વિશ્વ શક્તિઓ સામે પોતાની હાજરી મજબૂત રીતે નોંધાવી શકે છે.

ઉત્તર કોરિયાની વ્યૂહરચનાનો આધાર ભય અને પ્રતિરોધની નીતિ પર ટકેલો છે. અમેરિકા અને દક્ષિણ કોરિયા સાથેના સંબંધોમાં વધતી તણાવપૂર્ણ સ્થિતિએ કિમ જોંગ ઉનને વધુ આક્રમક બનાવ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ સાથે થયેલી ચર્ચાઓ નિષ્ફળ ગયા બાદ ઉત્તર કોરિયાએ વિશ્વાસ ગુમાવ્યો અને હવે તે રાજદ્વારી કરતાં સૈન્ય શક્તિ પર વધુ ભાર મૂકી રહ્યું છે. દક્ષિણ કોરિયાને "મુખ્ય દુશ્મન" જાહેર કરવો અને સરહદને "અભેદ્ય કિલ્લો" બનાવવાની જાહેરાતો એ જ દિશાનો ભાગ છે. પરંતુ અહીં વધુ ગંભીર પ્રશ્ન એ ઊભો થાય છે કે એક નાનકડું અને ગરીબ દેશ આટલી ઊંચી કક્ષાની ટેક્નોલોજી કેવી રીતે વિકસાવી શકે? તેનો જવાબ તેની લાંબા ગાળાની વૈજ્ઞાનિક નીતિમાં છુપાયેલો છે. ઉત્તર કોરિયાએ વર્ષોથી પોતાના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને વિજ્ઞાન, મિસાઈલ ટેક્નોલોજી અને પરમાણુ સંશોધન માટે તૈયાર કર્યા છે. પૂર્વ સોવિયેત સંઘ અને ચીનમાંથી મળેલી તાલીમ, ગુપ્ત સંશોધન કેન્દ્રો અને કડક શાસન હેઠળ કામ કરતા વૈજ્ઞાનિકોએ દેશને સૈન્ય ક્ષેત્રે અદ્ભુત ક્ષમતા આપી છે. આ પરિસ્થિતિ એ પણ દર્શાવે છે કે વૈજ્ઞાનિક શક્તિ માત્ર સમૃધ્ધ દેશોની મિલ્કત નથી; રાજકીય ઈચ્છાશક્તિ અને કેન્દ્રિત રોકાણથી નાનકડા દેશો પણ વૈશ્વિક પડકાર બની શકે છે.

વિશ્વ સમુદાય માટે અહીં સૌથી મોટો પડકાર એ છે કે ઉત્તર કોરિયાને કેવી રીતે રોકવું. માત્ર પ્રતિબંધો હવે પૂરતા સાબિત થતા નથી. વર્ષોથી લાગેલા પ્રતિબંધો છતાં ઉત્તર કોરિયાએ પરમાણુ અને મિસાઈલ કાર્યક્રમ વધુ ઝડપથી આગળ વધાર્યા છે. એટલે માત્ર દબાણ નહીં, પરંતુ અસરકારક રાજદ્વારી અને વ્યૂહાત્મક સંવાદ પણ જરૂરી બની જાય છે. યુધ્ધનો માર્ગ કોઈ માટે લાભદાયક નથી, કારણ કે કોરિયન ઉપખંડમાં થતી કોઈપણ સૈન્ય અથડામણ વિશ્વ અર્થતંત્ર અને વૈશ્વિક શાંતિને ગંભીર અસર પહોંચાડી શકે છે.


ઉત્તર કોરિયાના તાજેતરના દાવાઓ એ સ્પષ્ટ સંકેત આપે છે કે કિમ જોંગ ઉન પોતાના દેશને સંપૂર્ણ પરમાણુ શક્તિ તરીકે સ્થાપિત કરવા પ્રતિબધ્ધ છે. સીમિત સંસાધનો હોવા છતાં વૈજ્ઞાનિક શક્તિ, આંતરરાષ્ટ્રીય સહયોગ અને ગુપ્ત આર્થિક સ્ત્રોતોના આધારે ઉત્તર કોરિયા સતત આગળ વધી રહ્યું છે. વિશ્વ માટે હવે જરૂરી છે કે તે આ પડકારને માત્ર સૈન્ય દ્રષ્ટિએ નહીં, પરંતુ રાજકીય, આર્થિક અને કૂટનીતિક સમજદારીથી પણ જુએ.

# AI "ક્લોડ" દ્વારા આર્થિક સ્વાવલંબન મેળવી મોંઘવારીને મહાત કરો

આજના આધુનિક યુગમાં કૃત્રિમ બુધ્ધિ એટલે કે માનવ-નિર્મિત ચેતનાશક્તિ ખૂબ જ ઝડપથી વિકાસ પામી રહી છે. દરરોજના સામાન્ય કામકાજથી લઈને મોટા વ્યાવસાયિક નિર્ણયો સુધી, દરેક ક્ષેત્રમાં આ નવીન ટેકનોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે. થોડાં વર્ષો પહેલાં "ચેટ જીપીટી" નામના સંગણક-સહાયક સૉફ્ટવેરે સૌ પ્રથમ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. ત્યારથી આ ક્ષેત્રમાં અનેક નવા સાધનો અસ્તિત્વમાં આવ્યાં છે. ગૂગલનું "જેમિની", માઈક્રોસોફ્ટનું "કોપાઈલટ", "ગ્રોક" અને સૌથી વિશેષ "ક્લૉડ" "ક્લૉડ" માત્ર ટેકનોલોજીનું રમકડું નથી, તે એક સંપૂર્ણ વ્યવસાય-સાધન છે. વિદ્યાર્થી હો, નોકરિયાત હો કે ઉદ્યોગ-સ્વામી - જો "ક્લૉડ" ને સમજીને, ઊંડાણપૂર્વક ઉપયોગ કરવામાં આવે, તો મહિને એક લાખ રૂપિયા સુધીની આવક મેળવવી સંપૂર્ણ શક્ય છે. "આજે નવી ટેકનોલોજી શીખો, ભવિષ્ય ઘડો."

આ બધાં કૃત્રિમ બુધ્ધિ આધારિત સાધનો આજે વ્યાપકપણે વપરાઈ રહ્યાં છે. "ક્લૉડ" નામના આ સાધનની મૂળ કંપનીનું નામ "એન્થ્રૉપિક" છે, જેના સ્થાપક "ડેરિઓ અમોડેઈ" છે. આ નિબંધમાં આપણે જાણીશું કે "ક્લૉડ" શા માટે વિશ્વભરમાં ખ્યાતિ પામ્યું છે અને તેની મદદથી આપણે આર્થિક રીતે કઈ રીતે સ્વાવલંબી બની શકીએ છીએ.

"ક્લૉડ" ની વિશ્વસનીયતા પાછળ ત્રણ મહત્ત્વના પ્રસંગો છે. પ્રથમ પ્રસંગ અમેરિકાના સંરક્ષણ વિભાગ સાથે જોડાયેલો છે. અમેરિકાના "પેન્ટાગૉન" એટલે કે સંરક્ષણ મંત્રાલયે "ક્લૉડ" નો ઉપયોગ બે અત્યંત મહત્ત્વના સૈન્ય અભિયાનોમાં કર્યો. આ સમાચાર જાહેર થયા ત્યારે વિશ્વભરના લોકો સમજ્યા કે "ક્લૉડ" કેટલું શક્તિશાળી અને વિશ્વાસપાત્ર સાધન છે. બીજો પ્રસંગ વધુ રોચક છે. અમેરિકી સરકારે "ચેટ જીપીટી" પાસે તેના તમામ વપરાશકારોની માહિતી માંગી. "ચેટ જીપીટી" ના સંચાલકોએ આ માંગ સ્વીકારી લીધી. આ સમાચાર જાહેર થતાં જ માત્ર અડતાળીસ કલાકની અંદર "ચેટ જીપીટી" ના પંદર લાખ ગ્રાહકો ઘટી ગયા. લોકોને ઠગાઈ થઈ હોવાની અનુભૂતિ થઈ, કારણ કે તેઓ પોતાની અંગત માહિતી, બૅન્ક વ્યવહારો અને ખાનગી વાતો આ સાધન સાથે વહેંચી ચૂક્યા હતા. બીજી તરફ, "ક્લૉડ" ની "એન્થ્રૉપિક" કંપનીએ સ્પષ્ટ શબ્દોમાં ના પાડી દીધી અને કહ્યું કે "અમે અમારા વપરાશકારોની માહિતી કોઈને પણ આપીશું નહીં." આ નિર્ણયે "ક્લૉડ" પ્રત્યે લોકોનો વિશ્વાસ ઘણો વધારી દીધો. ત્રીજો પ્રસંગ "ક્લૉડ" ની વ્યૂહાત્મક ચતુરાઈ દર્શાવે છે. કંપનીએ તરત જ મફત વપરાશકારોને બે અઠવાડિયા



સુધી વધારે ઉપયોગ કરવાની સુવિધા આપી. સાથે "અન્ય કૃત્રિમ બુધ્ધિ સાધનોમાંથી માહિતી આયાત કરો" નામની નવી સુવિધા શરૂ કરી, જેથી "ચેટ જીપીટી" માં સંઘરેલો તમામ ડેટા એટલે કે સૂચના-સમૂહ "ક્લૉડ" માં સ્થળાંતરિત કરી શકાય. આ ચાણક્ય-નીતિના પરિણામે "ક્લૉડ" ની લોકપ્રિયતા આકાશને આંબી ગઈ.

હવે સૌથી મહત્ત્વનો પ્રશ્ન

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

એ છે કે "ક્લૉડ" ની મદદથી આર્થિક ઉપાર્જન કઈ રીતે કરી શકાય? આ માટે અનેક માર્ગો ઉપલબ્ધ છે. પ્રથમ, લેખન-સેવા ક્ષેત્રે. "ક્લૉડ" ની સહાયથી સામ-સૂચના લેખ, સ્વ-પ્રચાર સામગ્રી, સામાજિક માધ્યમ માટેની પોસ્ટ અને જાળ-સ્થળ એટલે કે વૅબસાઈટ માટેની સામગ્રી ઝડપભેર તૈયાર કરી શકાય છે. ઈચ્છિત વિષય આપો, "ક્લૉડ" જ્ઞાનસ્રોતો ખંખોળીને, આંકડા અને પ્રમાણ સહિત સંપૂર્ણ સામગ્રી તૈયાર કરી આપે છે. સ્વતંત્ર વ્યવસાયી એટલે કે ફીલાન્સર તરીકે ગ્રાહકોને આ સેવા આપીને દર મહિને ઉત્તમ આવક મેળવી શકાય છે.

બીજું ક્ષેત્ર છે જાહેરાત-લેખન અને અન્વેષણ-સૂચી નિર્માણ. જાળ-સ્થળ માટે શોધ-ઈજન અનુકૂળ સામગ્રી, જાહેરખબરો માટેની ચબરાક ભાષા અને સંદેશ-પ્રચાર — આ બધાં કાર્યો "ક્લૉડ" અત્યંત કુશળતાથી કરી આપે છે. ડિજિટલ વ્યાપાર-સંસ્થાઓ અને ઉદ્યોગ-ગૃહોને આ સેવા આપીને માસિક પચાસ હજારથી એક લાખ રૂપિયા સુધીની આવક મેળવવી સ્વપ્ન નથી, વાસ્તવિકતા છે.

ત્રીજો ઉત્તમ ઉપાય છે સંદેશ-વ્યવસ્થાપન. "ક્લૉડ" ને ઈ-સંદેશ સેવા સાથે જોડો. દરરોજ બસ્સો-ત્રણસો સંદેશ આવતા હોય ત્યારે "ક્લૉડ" આપમેળે મહત્ત્વના સંદેશ ગાળી આપે છે, તાત્કાલિક ઉત્તર ક્યાં આપવો તે દર્શાવે છે અને કઈ બાબત ધ્યાન માંગે છે તે સ્પષ્ટ કરે છે. વ્યસ્ત વ્યાવસાયિકો માટે આ સેવા અત્યંત ઉપયોગી છે અને તેઓ આ સેવા ખરીદવા તૈયાર હોય છે.


ચોથું ક્ષેત્ર છે ચિત્ર-રચના અને દૃશ્ય-સામગ્રી નિર્માણ. "ક્લૉડ" ને ચિત્ર-સંપાદન સૉફ્ટવેર સાથે જોડવાથી વ્યાવસાયિક કક્ષાનાં આકર્ષક ચિત્રો, ચલચિત્ર-સૂચના ફળક એટલે કે થમ્બનેઈલ અને સૂચના-ફળક તૈયાર થઈ શકે છે. ચિત્ર-રચના જાણનારા વ્યક્તિઓ "ક્લૉડ" ની સહાયથી ઝડપથી વ્યાવસાયિક ગ્રાહકો માટે સેવા આપી શકે છે.

પાંચમો ઉપાય છે સભા-આયોજન અને સમય-વ્યવસ્થાપન. "ક્લૉડ" ને સમય-પત્રક સૉફ્ટવેર સાથે જોડો. ફક્ત કહો, "પરમ દિવસે બપોરે ત્રણ વાગ્યે બેઠક ગોઠવો." "ક્લૉડ" બેઠક ગોઠવીને આમંત્રણ પણ મોકલી આપે. ઉચ્ચ અધિકારીઓ અને ઉદ્યોગ-સ્વામીઓ માટે આભાસી સહાયક એટલે કે વર્ચ્યુઅલ આસિસ્ટન્ટ તરીકે ઉત્કૃષ્ટ સેવા પ્રદાન કરી શકાય છે.

છઠ્ઠું ક્ષેત્ર છે આંકડા-વિશ્લેષણ. "ક્લૉડ" જ્ઞાન-જળ-સ્ત્રોત એટલે કે વૅબ-પૃષ્ઠ પરની માહિતી સીધી વાંચીને, ગણતરી-પત્રક, આલેખ અને ઊંડાણભર્યું વિશ્લેષણ તૈયાર કરી આપે છે. ઉદ્યોગ-સ્વામીઓ અને વ્યાપારીઓ માટે આ સેવા અત્યંત મૂલ્યવાન છે. સાતમો માર્ગ છે નાણાકીય મૂલ્યાંકન. કંપનીના હિસાબ-ચોપડા, આવક-જાવક-પત્રક અને નાણાકીય અહેવાલ "ક્લૉડ" ઊંડાણપૂર્વક ચકાસી, ચોક્કસ અહેવાલ તૈયાર કરી આપે છે. હિસાબ-નિષ્ણાત અભ્યાર્થીઓ અને નાણા-ક્ષેત્રના વ્યાવસાયિકો ગ્રાહકો માટે ઝડપભેર સચોટ અહેવાલ તૈયાર કરી ઉત્તમ આવક મેળવી શકે છે. ઉપર્યુક્ત ક્ષેત્રોની સાથે, "ક્લૉડ" ની "સંયોજક" સુવિધા ખાસ ઉલ્લેખ માંગે છે. આ સુવિધામાં ઈ-સંદેશ, સમય-પત્રક, ચિત્ર-સૉફ્ટવેર અને અન્ય અનેક સાધનોને એક જ જગ્યાએ જોડી શકાય છે. આમ, " ક્લૉડ" એક સંપૂર્ણ કાર્ય-સ્થળ બની જાય છે, જ્યાં સમય, શ્રમ અને ધન ત્રણેયની બચત થાય છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ કોઈ ક્રાંતિકારી ટેકનોલોજી આવી, ત્યારે જેઓ સૌ પ્રથમ સ્વીકારી, તેઓ આગળ વધ્યા. ઓગણીસસો નેવુ ના દાયકામાં સંગણક એટલે કે કોમ્પ્યુટર આવ્યું ત્યારે જે લોકોએ તત્કાળ શીખ્યું, તેઓ સમૃદ્ધ બન્યા. આજે કૃત્રિમ બુધ્ધિ ક્ષેત્રે એ જ ઐતિહાસિક ક્ષણ ફરી આવી છે. સરકારો અને વિદેશી મૂડીરોકાણ-કારો આ ક્ષેત્રમાં કરોડો-અબજો રૂપિયા રોકી રહ્યા છે.

**"ક્લોડ" માત્ર ટેકનોલોજીનું રમકડું નથી, તે એક સંપૂર્ણ વ્યવસાય-સાધન છે. વિદ્યાર્થી હો, નોકરિયાત હો કે ઉદ્યોગ-સ્વામી - જો "ક્લોડ"ને સમજીને, ઊંડાણપૂર્વક ઉપયોગ કરવામાં આવે, તો મહિને એક લાખ રૂપિયા સુધીની આવક મેળવવી સંપૂર્ણ શક્ય છે. "આજે નવી ટેકનોલોજી શીખો, ભવિષ્ય ઘડો."**

## શબ્દ સંજોગ-૨૨૦૪



**આડી ચાવી :**
(૧) તૈયાર,હાજર (૩)
(૩) વાઘણી, હેડકી (૩)
(૫) એક હવાખાવાનું સ્થળ (૨)
(૬) ઈંદ્રિય દમન, તપસ્યા (૨)
(૮) માંજવુ, અજવાળવુ (૪)
(૧૦) કોઠો, કોષ્ટક (૩)
(૧૨) જીભ ઉપરનો મેલ કે વળતી છારી (૨)
(૧૩) મોબાઈલની જાળવી માટે આ ગ્લાસ અચૂક નખાવો (૩)
(૧૫) કઠોળમાં પડતી એક જીવાત, ભોટવુ (૨)
(૧૮) આંદોલન, ચળવળ (૩)
(૨૦) ઉમર લાયક (૩)
(૨૧) ....ના બાણ છલકાવીને ચાલ્યા કયા તેમ? (૩)
(૨૩) લાગણી પ્રધાન (૩)
(૨૪) મોટી સંખ્યામાં નાણુ (૩)
(૨૫) ઉણુ, ઉણપવાળુ (૨)
(૨૬) વાદળ, વડવાનલ (૨)

**ઉભી ચાવી :**
(૧) નવાઈ, આશ્ચર્ય (૩)
(૨) પહેલુ સુખ તે જાતે...... (૨)
(૩) પીઠી કે તે ચોળવાની ક્રીયા (૩)
(૪) ઝુંપડી (૩)
(૭) એક અટક (૩)
(૮) ઉલટુ, અવળુ (૩)
(૯) સુનીલ શેટ્ટી, શિલ્પા શેટ્ટી, અક્ષયકુમારની ફિલ્મ(આ-અ) (૪)
(૧૧) ઉભેલુ, થોભેલુ (૨)
(૧૨) ઉપરનું, ઉન્નત (૨)
(૧૪) પરિણામ, ફાયદો (૨)
(૧૬) રાહ, ચીલો (૩)
(૧૭) ગડી કે ગુંચગાંઠનું ખુલવુ (૪)
(૧૯) થોડું, નાનુ (૩)
(૨૦) પ્રવાહ, તરંગ (૨)
(૨૨) હોશ, ઉમંગ (આ-અ) (૩)
(૨૩) સંગીતનો એક અલંકાર (૨)
(૨૪) ક્રિકેટમાં જીતવા માટે આ કરવા પડે (૨)

## શબ્દ સંજોગ-૨૨૦૩ જવાબ

**આડી ચાવી:** (૧) આકર (૩) આકૃતિ (૬) સાદર (૭) મિહિર (૮) રવાલ (૧૦) સીત્કાર (૧૪) આન (૧૫) રંગ (૧૭) આરતી (૧૯) આગમ (૨૦) આજ (૨૧) રમેશ (૨૩) આશકાર (૨૪) આબ (૨૬) કાલ (૨૭) આડત. **ઉભી ચાવી:** (૧) આદર (૨) રસાલ (૩) આરસી (૪) તિમિર (૫) આરજો (૯) વાદન (૧૧) ત્કાચિર(ચિત્કાર) (૧૨) આધાર (૧૩) આરંગ (૧૪) આદ્રાં (૧૬) ગમ (૧૭) આજકાલ (૧૮) તીર (૧૯) આશ (૨૦) આશકા (૨૨) મેવાડ (૨૫) બદી.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૬૫૦ | ૧૮૮૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૪૫ | ૫૪૩ |
| જુવાર સફેદ | ૮૮૦ | ૧૦૧૮ |
| જુવાર લાલ | ૮૬૧ | ૯૦૫ |
| જુવાર પીળી | ૩૭૦ | ૪૭૨ |
| બાજરી | ૨૭૦ | ૪૫૧ |
| તુવેર | ૧૨૫૦ | ૧૫૨૦ |
| ચણા પીળા | ૧૧૦૦ | ૧૧૬૦ |
| ચણા સફેદ | ૧૧૪૦ | ૧૭૪૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૩૪ |
| મગ | ૧૩૫૦ | ૧૯૪૯ |
| વાલ દેશી | ૮૦૦ | ૯૧૦ |
| ચોળી | ૯૦૦ | ૧૫૫૦ |
| વટાણા | ૬૦૦ | ૯૧૯ |
| કળથી | ૩૫૦ | ૪૫૦ |
| રાજમા | ૭૮૦ | ૧૪૦૦ |
| સીંગદાણા | ૧૫૭૫ | ૧૯૧૧ |
| મગફળી જાડી | ૧૩૨૫ | ૧૬૭૦ |
| મગફળી જીણી | ૧૩૪૫ | ૧૮૨૭ |
| તલી | ૧૮૫૦ | ૨૪૦૧ |
| સુરજમુખી | ૧૦૮૦ | ૧૪૪૦ |
| એરંડા | ૧૧૭૫ | ૧૩૧૮ |
| અજમો | ૧૬૦૦ | ૨૬૦૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૩૦૫ |
| સોયાબીન | ૧૨૨૦ | ૧૬૭૫ |
| સીંગફાડા | ૧૪૩૦ | ૧૮૮૦ |
| કાળા તલ | ૨૧૫૦ | ૩૬૦૧ |
| લસણ | ૯૫૦ | ૧૫૫૦ |
| ધાણા | ૨૨૩૦ | ૨૫૦૫ |
| ધાણી | ૨૩૦૦ | ૨૫૮૦ |
| વરીયાળી | ૧૩૦૦ | ૧૯૦૦ |
| જીરૂ | ૩૩૮૦ | ૩૮૧૦ |
| રાય | ૧૩૪૦ | ૧૭૫૦ |
| મેથી | ૧૧૧૦ | ૧૮૯૬ |
| ઇસબગુલ | ૯૦૦ | ૧૭૫૦ |
| કલોંજી | ૨૪૦૦ | ૩૪૩૫ |
| રાયડો | ૧૨૬૦ | ૧૪૬૦ |
| રજકાનું બી | ૪૬૦૦ | ૬૭૦૦ |
| ગુવારનુ બી | ૯૮૦ | ૧૧૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૧૪ | ૫૩૨ |
| લીંબુ | ૧૧૦૩ | ૨૧૭૬ |
| સાકરટેટી | ૧૧૪ | ૩૦૫ |
| તરબુચ | ૧૦૭ | ૧૯૨ |
| પપૈયા | ૬૨ | ૧૧૮ |
| બટેટા | ૧૦૨ | ૨૮૭ |
| ડુંગળી સુકી | ૬૭ | ૩૨૧ |
| ટમેટા | ૨૯૨ | ૫૮૮ |
| સુરણ | ૮૨૩ | ૧૦૧૫ |
| કોથમરી | ૫૮૧ | ૮૪૨ |
| રીંગણા | ૧૪૪ | ૨૯૫ |
| કોબીજ | ૯૧ | ૧૮૩ |
| ફ્લાવર | ૪૦૩ | ૬૨૪ |
| ભીંડો | ૨૩૭ | ૩૯૮ |
| ગુવાર | ૩૭૭ | ૭૮૯ |
| ચોળાસીંગ | ૨૪૯ | ૪૩૩ |
| ટીંડોળા | ૩૧૪ | ૫૭૭ |
| દુધી | ૧૧૨ | ૨૨૩ |
| કારેલા | ૩૦૫ | ૫૩૪ |
| સરગવો | ૨૮૩ | ૫૯૪ |
| તુરીયા | ૫૦૫ | ૭૧૧ |
| પરવર | ૫૨૪ | ૭૩૧ |
| કાકડી | ૨૨૫ | ૩૯૬ |
| ગાજર | ૨૮૩ | ૫૨૬ |
| વટાણા | ૧૧૫૭ | ૧૩૮૩ |
| ગલકા | ૨૧૫ | ૩૮૫ |
| બીટ | ૧૮૬ | ૪૧૨ |
| મેથી | ૬૦૩ | ૮૪૪ |
| ડુંગળી લીલી | ૬૪૪ | ૯૩૬ |
| આદુ | ૧૪૨૧ | ૧૬૩૯ |
| મરચા લીલા | ૪૬૨ | ૬૪૭ |
| મકાઇ લીલી | ૨૦૧ | ૪૧૩ |
| ગુંદા | ૩૧૭ | ૫૪૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૩૧ | ૧૮૭૧ |
| ઘઉં લોકવન | ૪૪૪ | ૫૫૨ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૯૬ |
| મગફળી જીણી | ૧૧૭૧ | ૧૬૯૬ |
| સિંગદાણા જાડા | ૧૬૫૧ | ૧૯૫૧ |
| સિંગ ફાડીયા | ૧૫૦૧ | ૧૮૫૧ |
| એરંડા / એરંડી | ૯૭૬ | ૧૩૦૬ |
| તલ કાળા | ૧૭૦૧ | ૩૪૫૧ |
| જીરૂ | ૨૨૫૧ | ૩૯૫૧ |
| ક્લંજી | ૧૧૦૧ | ૩૩૭૧ |
| ધાણા | ૧૫૦૧ | ૨૫૯૧ |
| લસણ સુકું | ૬૭૧ | ૧૫૦૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૩૨૬ |
| અડદ | ૧૨૦૦ | ૧૬૦૧ |
| મઠ | ૬૫૧ | ૬૫૧ |
| તુવેર | ૮૫૧ | ૧૫૩૧ |
| રાયડો | ૮૦૦ | ૧૩૦૧ |
| રાય | ૧૫૫૧ | ૧૫૫૧ |
| મેથી | ૮૦૧ | ૧૭૦૧ |
| કાંગ | ૫૦૧ | ૫૪૧ |
| સુરજમુખી | ૯૬૧ | ૯૬૧ |
| મરચા | ૧૪૦૧ | ૬૯૦૧ |
| મગફળી જાડી | ૧૧૪૧ | ૧૬૧૬ |
| સફેદ ચણા | ૧૦૭૬ | ૧૬૪૧ |
| મગફળી નવી | ૧૦૦૦ | ૧૬૯૬ |
| મગફળી ૬૬ | ૧૧૩૬ | ૧૨૫૬ |
| તલ - તલી | ૧૬૦૧ | ૨૪૫૧ |
| ધાણી | ૧૬૦૧ | ૨૬૯૧ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૩૨ |
| બાજરો | ૨૦૦ | ૩૪૧ |
| જુવાર | ૪૩૧ | ૯૮૧ |
| મકાઇ | ૪૪૧ | ૪૪૧ |
| મગ | ૧૦૦૧ | ૧૭૮૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૮૧ |
| વાલ | ૪૨૧ | ૧૨૧૧ |
| ચોળા / ચોળી | ૭૦૦ | ૧૫૧૧ |
| સોયાબીન | ૧૧૨૬ | ૧૫૧૧ |
| અરીઠા | ૭૦૧ | ૭૦૧ |
| કળથી | ૨૭૬ | ૨૭૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૨૧ |
| વટાણા | ૪૦૦ | ૯૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૧૨૦૦ |
| કોબી | ૧૦૦ | ૨૪૦ |
| દુધી | ૬૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૨૦ |
| ભીંડો | ૧૦૦ | ૫૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૬૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૭ |
| કોથમીર પુરા | ૩ | ૫ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| ચૂણ | ૬૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૧૮૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૦૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૨ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૧૫ | ૩૦ |
| ચોરા | ૧૮૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૭૦૦ |
| ફણશી | ૧૫૦૦ | ૨૧૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૦૬૫ | ૧૩૨૦ |
| શિંગ ગીરનાર | ૧૧૭૫ | ૧૩૨૫ |
| શિંગ મોટી | ૧૦૭૦ | ૧૫૬૦ |
| શિંગદાણા | ૧૫૮૦ | ૧૮૫૫ |
| શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૪૩૫ |
| તલ કાળા | ૨૦૪૦ | ૩૫૩૦ |
| તલ કાશમીરી | ૧૪૫૦ | ૨૨૯૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૪૯૫ |
| અડદ | ૧૧૬૦ | ૧૫૩૦ |
| ચણા | ૯૦૫ | ૧૧૯૦ |
| સફેદ ચણા | ૧૦૭૫ | ૧૧૪૦ |
| તુવેર | ૮૮૦ | ૧૫૧૦ |
| કપાસ | ૧૧૩૦ | ૧૯૭૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૯૦ |
| જીરૂ | ૨૭૬૦ | ૩૮૫૫ |
| રાય | ૧૨૪૦ | ૧૪૯૦ |
| ધાણા | ૨૪૭૦ | ૨૪૭૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૫૫૦ |
| મેથી | ૧૧૫૫ | ૧૨૦૫ |
| સોયાબીન | ૧૧૪૦ | ૧૪૫૫ |
| સુવાદાણા | ૧૩૯૫ | ૧૩૯૫ |
| છોલે ચણા | ૧૩૬૦ | ૧૩૬૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૪૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૬૧૦ | ૭૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૮૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૬૧૦ |
| ટમેટાં | ૬૫૦ | ૭૦૦ |
| સુરણ | ૭૫૦ | ૯૩૦ |
| ગાજર | ૫૫૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૧૦ |
| કાચી કેરી | ૭૦૦ | ૧૧૦૦ |
| ગરમર | | ૬૦૦ |
| ૮૩૦ | | |
| કાકડી | ૩૫૦ | ૫૦૦ |
| ગુવાર | ૫૨૦ | ૮૦૦ |
| પાકી કેરી | ૮૦૦ | ૧૫૦૦ |
| વટાણા | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ચોળા લીલા | ૪૨૦ | ૫૩૦ |
| તુરીયા | ૬૨૦ | ૭૧૦ |
| ભીંડો | ૩૩૦ | ૪૨૦ |
| આદુ | ૧૯૦૦ | ૨૨૦૦ |
| કોથમીર | ૫૫૦ | ૬૫૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફોદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૨૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૫૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૧૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૩૩૦ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૨૦૫૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૫૩૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૯૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૦૦ | ૧૫૮૬ |
| શીંગ મોટી | ૧૩૦૦ | ૧૪૬૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૧૧ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૫૪૦ |
| જીરૂ | ૨૯૦૦ | ૩૫૫૧ |
| કપાસ | ૧૫૫૦ | ૧૮૩૬ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૪૦ |
| બાજરો | ૪૦૦ | ૫૪૦ |
| જુવાર | ૬૦૦ | ૧૦૧૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૭૫ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| એરડી | ૧૨૦૦ | ૧૨૭૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૫૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| મગફળી | ૧૧૦૦ | ૧૪૫૧ |
| ઘઉં લોકવન | ૪૨૬ | ૪૫૧ |
| ચણા | ૯૩૫ | ૧૧૩૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૦૫ |
| ધાણા | ૨૦૧૦ | ૨૩૯૫ |
| રાઈ | ૧૩૧૩ | ૧૩૧૩ |
| કલોંજી | ૧૫૦૧ | ૨૮૦૦ |
| જીરૂ | ૩૦૨૫ | ૩૦૨૫ |
| જુવાર | ૬૮૫ | ૬૮૫ |
| બાજરો | ૨૫૦ | ૩૦૦ |
| શીંગ દાણા | ૧૭૦૦ | ૧૮૦૦ |
| તલ કાળા | ૧૯૬૦ | ૩૨૦૦ |
| તલ સફેદ | ૧૬૬૦ | ૨૩૦૦ |
| મગ | ૧૫૦૦ | ૧૬૦૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૭૭૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૬૭ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૫૦ |
| ચણા | ૧૦૭૧ | ૧૧૦૩ |
| ધાણા | ૨૧૬૦ | ૨૩૫૦ |
| મેથી | ૧૧૬૦ | ૧૧૬૦ |
| શીંગદાણા | ૧૬૫૦ | ૧૮૫૦ |
| તુવેર | ૯૦૦ | ૧૩૦૧ |
| ચણા સફેદ | ૧૦૮૨ | ૧૦૮૨ |
| તલ સફેદ | ૧૭૪૦ | ૨૨૬૦ |
| મગફળી | ૧૧૬૦ | ૧૧૬૦ |
| સોયાબીન | ૧૧૨૫ | ૧૫૫૦ |
| રાયડો | ૧૦૪૫ | ૧૦૪૫ |
| તલ કાળા | ૧૪૦૦ | ૨૯૩૦ |
| **બાબરા** | | |
| કપાસ સુપર | ૧૬૪૦ | ૧૮૬૦ |
| કપાસ મીડીયમ | ૧૫૪૦ | ૧૬૦૦ |
| મગફળી | ૧૨૧૫ | ૧૩૯૫ |
| જીરૂ | ૨૯૩૦ | ૩૮૫૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૪૦ |
| ધાણા | ૧૬૨૦ | ૨૩૯૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૧૦ |
| તુવેર | ૧૧૨૫ | ૧૪૫૦ |
| એરંડા | ૧૦૭૦ | ૧૨૦૦ |
| તલ કાળા | ૨૬૨૫ | ૩૩૯૫ |
| તલ સફેદ | ૧૪૪૦ | ૨૩૫૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૮૨૬ |
| ઘઉં | ૩૫૧ | ૪૭૦ |
| ચણા | ૯૦૧ | ૧૧૪૧ |
| તુવેર | ૮૦૧ | ૧૪૬૧ |
| મગફળી | ૧૨૦૧ | ૧૩૪૬ |
| ધાણા | ૧૦૦૧ | ૨૩૭૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૫૬ |
| મગ | ૧૦૦૧ | ૧૬૧૧ |
| રાજગરો | ૧૩૯૫ | ૧૩૯૫ |
| શિંગફાડા | ૧૪૦૧ | ૧૬૯૬ |
| એરંડા | ૧૨૧૬ | ૧૨૧૬ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૩૨૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૧૯૬ |
| **મહુવા** | | |
| શીંગ ઉનાળુ મગડી | ૧૪૦૦ | ૧૬૮૦ |
| શીંગ મીનાક્ષી નવી | ૧૨૦૦ | ૧૬૦૦ |
| શીંગ ગીરનાર | ૧૨૩૨ | ૧૪૦૮ |
| શીંગ જી-૨૦ | ૧૧૮૦ | ૧૩૭૦ |
| એરંડા | ૯૦૦ | ૧૧૦૦ |
| જુવાર | ૩૮૧ | ૯૧૪ |
| બાજરી | ૩૪૧ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૪૩૨ | ૫૫૦ |
| અડદ | ૧૦૯૦ | ૧૫૬૪ |
| મગ | ૧૦૦૦ | ૧૬૬૦ |
| તલ સફેદ | ૧૨૮૦ | ૨૪૦૦ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૪૩૦ |
| તુવેર | ૬૦૧ | ૧૨૦૦ |
| ડુંગળી લાલ | ૬૩ | ૩૪૫ |
| ડુંગળી સફેદ | ૧૮૮ | ૩૧૭ |
| નાળીયેર | ૮૦૦ | ૨૪૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૬૨૨ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૧૧ |
| ઘઉં | ૪૦૫ | ૪૮૫ |
| રાય | ૧૨૦૦ | ૧૪૦૦ |
| જુવાર | ૭૫૦ | ૯૬૦ |
| સોયાબીન | ૧૧૮૦ | ૧૩૭૦ |
| મગ | ૧૫૦૦ | ૧૮૭૨ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૦૦ | ૯૫૫ |
| બાજરો | ૪૦૦ | ૫૫૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૬૦ |
| મગ | ૧૩૫૦ | ૧૭૭૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૭૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલ | ૯૧૦ | ૧૦૦૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૭૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૬૦૫ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૫૦૦ |
| એરંડા | ૯૭૦ | ૧૨૫૯ |
| તલ | ૧૫૦૦ | ૨૩૨૦ |
| રાયડો | ૧૨૦૦ | ૧૪૦૦ |
| લસણ | ૯૭૦ | ૧૮૪૫ |
| કપાસ | ૧૦૫૦ | ૧૭૨૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૦૦ |
| અજમો | ૧૯૦૦ | ૩૫૦૦ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૬૦૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૪૪૦ |
| ડુંગળી | ૬૦ | ૧૯૫ |
| સોયાબીન | ૧૩૬૦ | ૧૪૯૦ |
| વટાણા | ૫૫૦ | ૯૯૦ |
| રાજમા | ૧૨૦૦ | ૧૪૪૫ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૧૧૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૨૫ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૨૮૫૦ |
| કપાસ | ૧૪૬૦ | ૧૭૯૧ |
| બાજરો | ૩૫૦ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૮૦ |
| જુવાર | ૪૫૦ | ૧૦૩૦ |
| મકાઈ | ૪૪૦ | ૪૯૩ |
| મગ | ૧૨૫૦ | ૧૬૨૧ |
| તુવેર | ૧૦૧૮ | ૧૨૦૦ |
| ચણા | ૭૫૦ | ૧૦૯૧ |
| ધાણા | ૧૯૦૦ | ૨૦૦૧ |
| મેથી | ૮૦૧ | ૧૩૦૦ |
| સોયાબીન | ૧૪૦૧ | ૧૪૦૧ |
| રાય | ૧૩૫૦ | ૧૪૨૧ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૨૦૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૮૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# કચ્છના મુંદ્રા બંદરેથી કરોડોનું ડ્રગ્સ ઝડપાયું: ગુજરાત એટીએસ અને કોસ્ટગાર્ડનું મેગા ઓપરેશન

ભુજ,તા.૨૭


ગુજરાતને સંપૂર્ણપણે ડ્રગ્સ મુક્ત કરવાના રાજ્ય સરકારના અને સુરક્ષા એજન્સીઓના વિશેષ અભિયાન અંતર્ગત દેશની વિવિધ સુરક્ષા ટીમોને વધુ એક ખૂબ જ મોટી સફળતા સાંપડી છે. ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS), ભારતીય કોસ્ટગાર્ડ અને પશ્ચિમ કચ્છ એસ.ઓ.જી. (SOG) પોલીસના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા એક મેગા ઓપરેશનમાં કચ્છના પ્રખ્યાત મુંદ્રા બંદર પાસેથી કરોડો રૂપિયાનું આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્ક ઝડપી પાડવામાં આવ્યું છે. દરિયાઈ માર્ગે થઈ રહેલી આ ગેરકાયદેસર અને ઘાતક હેરાફેરી અંગે સુરક્ષા એજન્સીઓને અગાઉથી જ ચોક્કસ બાતમી મળી હતી, જેના આધારે તમામ ટીમોએ સાથે મળીને આ આખું ઓપરેશન અત્યંત ગુપ્તતાપૂર્વક અને સફળતાપૂર્વક પાર પાડ્યું હતું.સત્તાવાર સૂત્રો પાસેથી મળતી વિગતવાર માહિતી મુજબ, સુરક્ષા એજન્સીઓને અગાઉથી જ એક ગુપ્ત માહિતી મળી હતી કે દરિયાઈ માર્ગનો ઉપયોગ કરીને ભારતીય સરહદમાં મોટા પ્રમાણમાં નશીલા પદાર્થો ઘુસાડવામાં આવી રહ્યા છે. આ અત્યંત સંવેદનશીલ માહિતી મળતાની સાથે જ એક્શન મોડમાં આવેલી વિવિધ ટીમોએ સંયુક્ત વ્યૂહરચના તૈયાર કરી હતી. સુરક્ષા દળોએ ખુલ્લા દરિયામાં જઈને એક શંકાસ્પદ વિદેશી જહાજને ચારેય બાજુથી ઘેરી લીધું હતું અને તેને આંતર્યું હતું. દરિયાની અધવચ્ચે જહાજની પ્રાથમિક તપાસ કર્યા બાદ, વધુ ઊંડાણપૂર્વકની અને સઘન તપાસ અર્થે તે જહાજને કચ્છના મુંદ્રા પોર્ટ પર લાવવામાં આવ્યું હતું, જ્યાં કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.મુંદ્રા પોર્ટ પર લાવવામાં



આવેલા આ વિદેશી શિપની સુરક્ષા એજન્સીઓના નિષ્ણાતો દ્વારા અત્યંત સઘન અને ઝીણવટભરી તલાશી લેવામાં આવી હતી. આ સર્ચ ઓપરેશન દરમિયાન જહાજના ગુપ્ત ખાનાઓમાંથી માદક પદાર્થનો એક ખૂબ જ મોટો જથ્થો મળી આવ્યો હતો, જેને જોઈને અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. એટીએસના ઉચ્ચ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સમગ્ર ઓપરેશન દરમિયાન જહાજમાંથી અંદાજે ૧૧૫ કિલોગ્રામ જેટલો શુધ્ધ કોકેઈનનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ જપ્ત કરાયેલા કોકેઈનની અંદાજિત કિંમત આશરે ૫૦૦ કરોડ રૂપિયા જેટલી થવા જાય છે. આટલી મોટી માત્રામાં આંતરરાષ્ટ્રીય સ્તરનું ડ્રગ્સ પકડાતા રક્ષા ક્ષેત્રે, કેન્દ્રીય એજન્સીઓમાં અને સમગ્ર ગુજરાત પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે.આ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટના તાર ક્યાં સુધી વિસ્તરેલા છે અને આ નેટવર્ક પાછળ કયા મોટા માફિયાઓ સક્રિય છે તે શોધી કાઢવા માટે પોલીસે ઘટનાસ્થળેથી જ એક મુખ્ય આરોપીની ધરપકડ કરી લીધી છે. હાલમાં ગુજરાત એટીએસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ આરોપીની કસ્ટડી મેળવીને તેની અત્યંત કડક પૂછપરછ કરવામાં આવી રહી છે. સુરક્ષા એજન્સીઓની પ્રાથમિક તપાસમાં મુખ્યત્વે બે મહત્વના સવાલો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે કે, ડ્રગ્સનો આટલો મોટો જથ્થો મૂળ કયા દેશમાંથી લોડ કરીને લાવવામાં આવ્યો હતો? તેમજ ભારતમાં આ જથ્થો ચોક્કસ કયા સ્થળે પહોંચાડવાનો હતો અને અહીં તેનો મુખ્ય રીસીવર કે સપ્લાયર કોણ હતો? ગુજરાતના વિશાળ દરિયાઈ માર્ગનો દુરુપયોગ કરીને દેશમાં ડ્રગ્સ ઘુસાડવાના આ ખૂબ જ મોટા આંતરરાષ્ટ્રીય ષડયંત્રનો પર્દાફાશ થયા બાદ તમામ સુરક્ષા એજન્સીઓ અને કોસ્ટગાર્ડ વધુ સતર્ક બની ગયા છે. આ ગંભીર ઘટનાને પગલે રાજ્યના તમામ નાના-મોટા બંદરો, ખાનગી જેટીઓ અને સમગ્ર દરિયાકાંઠાના સંવેદનશીલ વિસ્તારોમાં રાઉન્ડ ધ ક્લોક કડક મોનિટરિંગ અને સઘન પેટ્રોલિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે, જેથી ભવિષ્યમાં દેશવિરોધી તત્વો આવા કોઈ પણ ગેરકાયદેસર કૃત્યને અંજામ ન આપી શકે.

## બાબરામાં રહેણાંક વિસ્તારમાંથી ઝેરી કોબ્રાનું સફળ રેસ્ક્યુ

બાબરા,તા.૨૭



બાબરામાં પંચશીલ સ્કૂલ નજીક આવેલ રોહિતભાઈ નથવાણીના મકાનમાં અચાનક એક ઝેરી કોબ્રા આવી ચડતાં સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ અંગેની જાણ થતાં જ પર્યાવરણપ્રેમી પોલીસકર્મી કિરણભાઈ અને રાજભા તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.બંનેએ ભારે કુશળતા અને સાવચેતીપૂર્વક કોબ્રાને જીવિત પકડી પાડી, સલામત રીતે ખુલ્લા જંગલ વિસ્તારમાં મુક્ત કર્યો હતો.

## ઉનાના કેસરીયામાં સ્પીડ બ્રેકરની માંગ સાથે ગ્રામજનોના ધરણાં

ઉના,તા.૨૭

ઉના તાલુકાના કેસરીયા ગામમાં દીવ રોડ પર વારંવાર થતા અકસ્માતો અટકાવવા સ્પીડ બ્રેકર મૂકવાની માંગ સાથે ગ્રામજનો અને જનહિત લોક સેવા ફાઉન્ડેશન દ્વારા ઉગ્ર ધરણાં અને ચક્કાજામ યોજાયો હતો. સ્થાનિકોનો આક્ષેપ છે કે આ માર્ગ પર અનેક લોકોએ જીવ ગુમાવ્યા હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. આ પ્રદર્શનમાં જિલ્લા પંચાયત સદસ્યના પ્રતિનિધિ ભરતભાઈ શિંગડ અને હાર્દિકભાઈ શિંગડ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. તેઓએ ઓવરલોડિંગ ડમ્પરોની અવરજવર બંધ કરવા અને એક્શન પ્લાન બનાવવાની માંગ કરી હતી.




તસવીર : કૈલાશ ભટ્ટ

તંત્રનો કોઈ અધિકારી ન પહોંચતા ગ્રામજનોએ વાહનવ્યવહાર થંભાવી દીધો હતો, જેથી પોલીસ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. અંતે પોલીસે પ્રદર્શનકારીઓની અટકાયત કરી રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. આ દરમિયાન ગ્રામજનોએ સ્થાનિક પોલીસ મથકની બાજુમાં જ વરલી મટકાનો જુગાર ચાલતો હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો.

## ગીર સોમનાથ કલેક્ટરની ઉના સિવિલ હોસ્પિટલમાં ઓચિંતી તપાસ

ગીર સોમનાથ,તા.૨૭




ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર જીતેન્દ્રસિંહ વાઘેલાએ ઉનાની સરકારી હોસ્પિટલ, મામલતદાર અને નાયબ કલેક્ટર કચેરીની ઓચિંતી મુલાકાત લીધી છે. કલેક્ટરે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અરજદારોના પ્રશ્નો સાંભળ્યા બાદ હોસ્પિટલના લેબોરેટરી, ઓપરેશન થિયેટર અને ઈમરજન્સી વોર્ડની રૂબરૂ તપાસ કરી હતી.મુલાકાત દરમિયાન તેમણે સારવાર લઈ રહેલા દર્દીઓ સાથે સીધો સંવાદ સાધીને તબીબો અને સ્ટાફને સમયસર તથા શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ પૂરી પાડવા કડક સૂચનાઓ આપી હતી. આ તકે પ્રાંત અધિકારી કૌશિકપરમાર સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ઉનામાં આર્થિક સંકડામણથી પરિવારે આપઘાતનો પ્રયાસ કર્યો: પોલીસે પાંચ સભ્યોના જીવ બચાવ્યા

ઉના,તા.૨૭

તાલુકાના કંસારી ગામે ઉછીના આપેલા નાણાં પરત ન મળતાં આર્થિક ભીંસમાં આવી ગયેલા એક જ પરિવારના પાંચ સભ્યોએ સામૂહિક આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ઉના પોલીસ અને સ્થાનિક મીડિયાની સમયસરની સતર્કતાને કારણે મોટી હોનારત ટળી હતી અને પાંચેય જિંદગીઓ સુરક્ષિત બચી ગઈ હતી.ભોગ



બનનાર ભરતભાઈ વેલજીભાઈ ડાગોદરાએ ચાર વર્ષ પહેલાં ગામના જ પાંચ શખ્સોને રૂ. ૮ લાખ ઉછીના આપ્યા હતા. જેમાંથી રૂ. ૩ લાખ બાકી હોવા છતાં, માથાભારે શખ્સો નાણાં પરત કરવાને બદલે ધમકીઓ આપતા હતા. આર્થિક સંકડામણ અને ધમકીઓથી કંટાળીને પરિવારે ઘર અંદરથી બંધ કરી અંતિમ પગલું ભરવાનો નિર્ણય કર્યો હતો.ઘટનાની જાણ થતાં જ પોલીસ જવાનોએ દીવાલ ટપીને ઘરમાં પ્રવેશ કર્યો હતો અને લાંબી સમજાવટ બાદ પરિવારને આપઘાતનો વિચાર પડતો મુકાવ્યો હતો. પરિવારે હવે ન્યાયની ગુહાર લગાવી છે, જ્યારે પોલીસે કડક કાયદેસરની કાર્યવાહીની ખાતરી આપી વધુ તપાસ હાથ ધરી છે.

## ગીરગઢડા પોલીસનો સપાટો: બાબરીયા ચેક પોસ્ટ પાસેથી રૂ. ૧.૦૪ લાખનો દારૂ ઝડપાયો

ગીરગઢડા,તા.૨૭

પ્રોહિબિશનની બદીને નાબૂદ કરવાના અભિયાન હેઠળ ગીરગઢડા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પો.ઈન્સ. એ.બી. ગોહિલની રાહબરીમાં પોલીસે મોટી સફળતા મેળવી છે.

પોલીસ ટીમને મળેલી સંયુક્ત બાતમીના આધારે બાબરીયા ચેક પોસ્ટ નજીક વોચ ગોઠવી એક શંકાસ્પદ કારને અટકાવવામાં આવી હતી. તલાશી દરમિયાન કારમાંથી વિદેશી દારૂની હેરાફેરી ઝડપાઈ હતી. પોલીસે સ્થળ પરથી રૂ. ૧,૦૪,૪૦૦ ની કિંમતની વિદેશી દારૂની ૧૪૪ બોટલો, રૂ. ૫૦,૦૦૦ ની કાર અને રૂ. ૩,૦૦૦ નો મોબાઈલ મળી કુલ રૂ. ૧,૫૭,૪૦૦ નો મુદામાલ જપ્ત કર્યો છે. આ મામલે જૂનાગઢના જયેશ હેમાણી સહિત ત્રણ શખસો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. રેઈડ દરમિયાન ફરાર થઈ ગયેલા જામવાળાના શંભુભાઈ ડગીયા અને પિયુશ ડગીયાને ઝડપી લેવા પોલીસે તપાસ તેજ કરી છે.



## ગીરગઢડામાં ડ્રગ્સ કેસની ધમકી આપી આધેડ પાસેથી રૂ. ૨.૦૫ લાખ પડાવ્યા

ગીર ગઢડા,તા.૨૭

ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા પંથકમાંથી હનીટ્રેપ અને નકલી પોલીસ બનીને લૂંટ ચલાવવાનો સનસનીખેજ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. દ્રોણેશ્વર ગુરુકુળના આધેડ વિઠ્ઠલભાઈ રૂપાળાને શિવાની પટેલ નામની યુવતીએ પ્રેમજાળમાં ફસાવી અંબાડા પાટિયા પાસે બોલાવ્યા હતા. ત્યાં પૂર્વ આયોજિત કાવતરા મુજબ કારમાં



આવેલા ચાર શખ્સોએ નકલી પોલીસ તરીકે ઓળખ આપી, ડ્રગ્સ કેસની ધમકી આપીને વિઠ્ઠલભાઈને માર માર્યો હતો. કેસ રફેદફે કરવાના બહાને તોડબાજ ટોળકીએ આધેડ પાસેથી કુલ રૂ. ૨,૦૫,૦૦૦ પડાવી લીધા હતા. આ અંગે ગીરગઢડા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## સુરતમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટનો જળજાગૃતિ અભિયાનનો પ્રારંભ

સુરત,તા.૨૭



સુરતમાં શિહોર તાલુકાના સ્નેહ મિલનમાં 'ગીરગંગા પરિવાર ટ્રસ્ટ' દ્વારા જળ સંચય અને જળજાગૃતિ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શિહોર તાલુકાના ગામોના આગેવાનો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખિયાએ જણાવ્યું કે અત્યાર સુધીમાં ૧૫ હજારથી વધુ જળસંચય કાર્યો પૂર્ણ થયા છે અને હવે ૧,૧૧,૧૧૧ કાર્યો કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. બેઠકમાં ચેકડેમ ઊંડા કરવા, નવા તળાવો બનાવવા અને બોર રિચાર્જ જેવા કાર્યો અંગે ચર્ચા થઈ હતી.

## ધોરાજીમાં કોળી યુવાનની હત્યાના કેસમાં ન્યાય નહીં મળે તો બે લાખથી વધુ લોકોનું સંમેલન યોજાશે

ધોરાજી,તા.૨૭



ધોરાજીમાં આંગડિયા પેઢીના સંચાલકો દ્વારા પૈસાની ઉઘરાણી બાબતે નિર્દોષ કોળી યુવાન હિમાલય બારૈયાની ક્રૂર હત્યા કરાઈ હતી. આ ઘટના બાદ યોજાયેલી વિશાળ શ્રધ્ધાંજલિ સભામાં સમગ્ર ગુજરાતમાંથી કોળી સમાજના લોકો ઉમટી પડ્યા હતા. પોલીસ દ્વારા આ કેસમાં માત્ર બે આરોપીઓની ધરપકડ કરાઈ છે, જ્યારે ભાજપના અગ્રણીઓ સાથે સંકળાયેલા અન્ય બે મુખ્ય આરોપીઓને રાજકીય દખલગીરીના કારણે છોડી દેવાતા ભારે આક્રોશ વ્યાપ્યો છે. કોળી યુવા સંગઠનના પ્રમુખ ચિરાગભાઈ ઝાલાએ ચીમકી આપી છે કે જો પરિવારને તાત્કાલિક ન્યાય નહીં મળે, તો ધોરાજી ખાતે બે લાખથી વધુ લોકોની હાજરીમાં વિશાળ જન આક્રોશ સંમેલન યોજીને ઉગ્ર આંદોલન કરાશે.


**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

જન્મ-મરણ કેસ નં.158/2026

પ્રતિ,
શ્રી વાઘેલા જેઠાભાઈ તેજાભાઈ
રહે.વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત વેલણ, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ ...........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના વેલણ ગામના રહીશ તથા રાજીબેન તેજાભાઈ વાઘેલાના પુત્રી વાઘેલા વનીતા તેજાભાઈનો જન્મ તારીખ. 4/12/1959 ના રોજ કોડીનાર તાલુકાના વેલણ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત વેલણ, તાલકો-કોડીનાર સને 1959 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. 04/06/2026ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજે તા.22/05/2026ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર


## નિલેશ કુંભાણીના કાર્યાલયે ધારાસભ્ય રમેશ ટીલાળા સહિત ખોડલધામના ટ્રસ્ટીઓની શુભેચ્છા મુલાકાત

સુરત,તા.૨૭

સુરત સ્થિત નિલેશભાઈ કુંભાણીના કાર્યાલય ખાતે ખોડલધામ કાગવડ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ રમેશભાઈ ટીલાળા (રાજકોટના ધારાસભ્ય) અને દિનેશભાઈ કુંભાણી, સુરત ઈસ્ટ બિલ્ડર એસોસિએશનના સંગઠન મહામંત્રી પુનિતભાઈ કુંભાણી તેમજ સામાજિક આગેવાનો અને પરિવારજનોએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.



આ આત્મીય અને પ્રેરણાદાયી બેઠક દરમિયાન સમાજહિત, સંગઠનની મજબૂતી, સેવાકીય પ્રવૃત્તિઓ અને વિવિધ સામાજિક વિષયો પર હકારાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનોએ સમાજના સર્વાંગી વિકાસ, એકતા અને જનહિતના કાર્યોને વધુ સશક્ત બનાવવા માટે પરસ્પર સહકાર આપવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો. અંતમાં, આ ફળદાયી મુલાકાત બદલ તમામ અગ્રણીઓનો હૃદયપૂર્વક આભાર માનીને તેઓ જનસેવાના ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ અને વધુ સફળતા મેળવે તેવી મંગલ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.


**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.154/2026
જન્મ તારીખ : 01/06/1977

શ્રી ભીખાભાઈ અરજનભાઈ બાંભણીયા,
રહે.બરડા, ગામ-બરડા તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી - કમ - મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત બરડા, તા. કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ભીખાભાઈ અરજનભાઈ બાંભણીયા, રહે.બરડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી અરજનભાઈ મેઘાભાઈ બાંભણીયા તથા રતનબેન અરજનભાઈ બાંભણીયા ના પુત્ર મનુ અરજનભાઈ બાંભણીયાનો જન્મ તારીખ.01/06/1977ના રોજ કોડીનાર તાલુકાના બરડા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૪/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સક્કો કરી આપ્યો.

કોર્ટનો સીક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# કેન્દ્રીય રિપોર્ટમાં પીએમજીએસવાય કામોમાં ગ્રામ્ય રસ્તાઓની ખામીઓ બહાર આવી

અમદાવાદ,તા.૨૭



ગુજરાતમાં ગ્રામ્ય રસ્તાઓની નબળી હાલતને લઈને ફરી એકવાર સવાલો ઊભા થયા છે. કેન્દ્રીય ગ્રામિણ વિકાસ મંત્રાલયના તાજેતરના રિપોર્ટ અનુસાર, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના **(PMGSY)** હેઠળ થયેલા અનેક કામોમાં ગુણવત્તાની ખામીઓ સામે આવી છે. રાજ્યસભામાં ડિસેમ્બર ૨૦૨૫માં રજૂ થયેલા આંકડા મુજબ, દેશભરમાં પૂર્ણ થયેલા ૩,૯૮૬ રસ્તા કામોમાંથી ૫૧૦ કામ અસંતોષકારક જણાયા હતા. ચાલુ કામો અને પુલોના નિર્માણમાં પણ ખામીઓ નોંધાઈ હતી. ગુજરાતમાં પૂર્ણ થયેલા ૬૮, ચાલુ ૧૦૨ અને ૩૯ પુલોના કામોની તપાસ કરવામાં આવી હતી, જેમાં થોડાં કામો અસંતોષકારક જણાયા હતા. જોકે આ સંખ્યા અન્ય રાજ્યોની સરખામણીએ ઓછી છે, છતાં ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તાઓની ગુણવત્તા અને દેખરેખ અંગે પ્રશ્નો યથાવત છે. નબળા મટિરિયલનો ઉપયોગ, અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત તેમજ યોગ્ય જાળવણીના અભાવને રસ્તાઓની ખરાબ સ્થિતિ માટે જવાબદાર માનવામાં આવી રહ્યા છે. વરસાદી મોસમમાં ગ્રામ્ય રસ્તાઓ તૂટી જતા ખેડૂતો, વિદ્યાર્થીઓ અને સ્થાનિક લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

# આસામ વિધાનસભામાં ભારે હોબાળા વચ્ચે UCC બિલ પસાર

ગુવાહાટી,તા.૨૭



આસામ વિધાનસભાએ ભારે વિરોધ અને સૂત્રોચ્ચાર વચ્ચે યુનિફોર્મ સિવિલ કોડ **(UCC)** બિલ પસાર કર્યું છે. વિપક્ષે બિલને સિલેક્ટ કમિટીમાં મોકલવાની માંગ કરી હતી, જેને સ્પીકરે ફગાવી દઈ ધ્વનિ મતથી બિલ પસાર જાહેર કર્યું હતું. ઉત્તરાખંડ, ગોવા અને ગુજરાત પછી આસામ યુસીસી પસાર કરનાર દેશનું ચોથું રાજ્ય બન્યું છે. જોકે, અનુસૂચિત જનજાતિઓને આ કાયદાના દાયરામાંથી બહાર રખાયા છે. આ કાયદા હેઠળ હવે આસામમાં લિવ-ઈન રિલેશનશિપની નોંધણી કરાવવી ફરજિયાત રહેશે, જેમાં નિષ્ફળ રહેવા પર ૩ મહિનાની જેલ કે રૂ. ૧૦,૦૦૦ સુધીનો દંડ થઈ શકે છે. કાયદા દ્વારા એકપત્નીત્વ ફરજિયાત કરી બહુપત્નીત્વ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે, જેનું ઉલ્લંઘન કરનારને ૭ વર્ષની જેલની જોગવાઈ છે. આ ઉપરાંત, લગ્ન કે છૂટાછેડાની ૬૦ દિવસમાં નોંધણી ન કરાવવા બદલ રૂ. ૧૦,૦૦૦ના દંડની જોગવાઈ છે. વારસાના હકમાં લિંગ સમાનતા લાવવામાં આવી છે, જ્યારે તમામ ધર્મોની પરંપરાગત લગ્ન વિધિઓની સ્વતંત્રતા જાળવી રાખવામાં આવી છે.

# અદાણી CNGના ભાવમાં રૂ. ૨નો વધારો: રિક્ષાચાલકો આંદોલનના મૂડમાં

અમદાવાદ, તા.૨૭

અમદાવાદમાં અદાણી ગેસ દ્વારા **CNG**ના ભાવમાં પ્રતિ કિલો રૂપિયા ૨નો જીંકાયેલો નવો વધારો આજથી લાગુ થઈ ગયો છે. આ વધારા સાથે હવે અમદાવાદમાં ઝ્રદ્ગય્નો નવો ભાવ પ્રતિ કિલો રૂપિયા ૮૬.૦૨થી વધીને રૂપિયા ૮૮.૦૨ પર પહોંચી ગયો છે. નોંધનીય છે કે, છેલ્લા બે મહિનામાં જ અંદાજે રૂપિયા ૬નો ધરખમ વધારો ઝીંકવામાં આવ્યો છે.સતત વધી રહેલી મોંઘવારી વચ્ચે આ ભાવવધારાની સીધી આર્થિક અસર મધ્યમવર્ગ અને રોજબરોજ વાહન ચલાવતા લોકો પર પડી રહી છે. ખાસ કરીને રિક્ષાચાલકોની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. રિક્ષાચાલક સંગઠનોનું કહેવું છે કે, છેલ્લા ત્રણ વર્ષથી રિક્ષાના ભાડામાં કોઈ વધારો કરાયો નથી, જ્યારે બીજી તરફ ઈન્સ્યોરન્સ અને મેન્ટેનન્સનો ખર્ચ સતત વધી રહ્યો છે. પરિણામે, રોષે ભરાયેલા રિક્ષાચાલકોએ હવે ચક્કાજામ અને ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

# ઉના વિસ્તારમાં ૩ સિંહના મોત બાદ અન્ય ૩૫ થી ૪૦ સિંહો પર મોટું સંકટ

ઉના,તા.૨૭



વિશ્વભરમાં એશિયાઈ સિંહોના એકમાત્ર નિવાસસ્થાન એવા ગીરમાં વનરાજની સુરક્ષાને લઈને ચિંતાજનક ખુલાસો સામે આવ્યો છે. ગીરગઢડાના જસાધાર અને જામવાળા વિસ્તારમાં તાજેતરમાં ૩ સિંહોના મોત નીપજ્યા છે, જ્યારે અનેક બીમાર સિંહો હોસ્પિટલના બિછાને છે. સ્થાનિક સિંહપ્રેમીઓના જણાવ્યા અનુસાર, ફરેડા, ઝાખીયા અને ગીરગઢડા પંથકમાં વસતા આશરે ૩૫થી ૪૦ સિંહો અત્યારે ગંભીર સંકટમાં છે. માનવ દખલગીરી અને વન વિભાગની નિષ્ક્રિયતાને કારણે સિંહો ભૂખથી લાચાર બનીને સડેલું માંસ ખાવા મજબૂર બન્યા છે. જ્યારે સિંહ કુદરતી રીતે તાજો શિકાર કરે છે, ત્યારે લોકોના હોબાળાને કારણે તેને મારણ છોડીને ભાગવું પડે છે. બાદમાં ગામલોકો એ પશુને જંગલ બોર્ડર નજીક ફેંકી દે છે. ૪-૫ દિવસ સુધી ભૂખ્યા રહેતા સિંહો જીવ બચાવવા માટે ત્યાં પડેલું ઈતડી અને જીવાતવાળું સડેલું માંસ ખાય છે, જેનાથી તેઓ ગંભીર રોગોનો ભોગ બની રહ્યા છે. સિંહપ્રેમીઓએ વન વિભાગ પાસે ખુલ્લામાં મરેલા પશુઓ ફેંકવા પર પ્રતિબંધ મૂકવા અને સિંહોની સુરક્ષા માટે તાત્કાલિક પગલાં લેવા ઉગ્ર માંગ કરી છે.

# કોલકાતાના રેડ રોડ પર ઈદની નમાઝ નહી થાય: બંગાળમાં સરકાર બદલાતા મોટો નિર્ણય

કોલકતા,તા.૨૭

પશ્ચિમ બંગાળમાં સરકાર બદલાયા બાદ જનતાની અસુવિધાને ધ્યાનમાં રાખીને રસ્તાઓ પર ધાર્મિક કાર્યક્રમો ન કરવાનો નીતિગત નિર્ણય લેવાયો છે. આ અંતર્ગત કોલકાતાના રેડ રોડને બદલે હવે બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ પર ઈદની નમાઝ અદા કરવામાં આવશે.

આ ઉપરાંત, બકરી ઈદ (ઈદ અલ-અધા)ની રજાઓમાં પણ ફેરફાર કરાયો છે. અગાઉની મમતા બેનર્જી સરકારમાં બે દિવસની સરકારી રજા હતી, જે હવે માત્ર ૨૮ મેના રોજ રહેશે અને ૨૯ મેના રોજ તમામ કચેરીઓ ખુલ્લી રહેશે. ઉત્તર પ્રદેશમાં પણ સમાન પગલાં લેવાયાં છે, જ્યાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ખુલ્લામાં નમાઝ કે કુરબાની ન કરવા અને પરંપરાગત રીતે મસ્જિદ પરિસરમાં જ ઉજવણી કરવા કડક આદેશ આપ્યા છે.

# આસારામની આજીવન કેદ યથાવત, ગેંગરેપના આરોપો રદ

જોધપુર,તા.૨૭



સગીરાના જાતીય શોષણના કેસમાં સજા ભોગવી રહેલા આસારામને રાજસ્થાન હાઈકોર્ટની જોધપુર બેન્ચ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. જસ્ટિસ અરુણ મોંગા અને જસ્ટિસ યોગેન્દ્ર કુમાર પુરોહિતની ડિવિઝન બેન્ચે ટ્રાયલ કોર્ટ દ્વારા ફટકારેલી આજીવન કેદની સજાને યથાવત રાખી છે. જોકે, કોર્ટે તેમને ગેંગરેપ અને માનવ તસ્કરીના આરોપોમાંથી રાહત આપી છે. આ સાથે જ કોર્ટે સહ-આરોપી શિલ્પી ઉર્ફે સંચિતા ગુપ્તા અને શરતચંદ્રને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા છે. તબીબી કારણોસર વચગાળાના જામીન પર જેલની બહાર રહેલા આસારામને કોર્ટે તાત્કાલિક આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો છે. આ કેસ ૨૦૧૩નો છે, જેમાં ૨૦૧૮માં વિશેષ પોક્સો કોર્ટે આસારામને દોષિત ઠેરવ્યા હતા. હાઈકોર્ટે ૨૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ચુકાદો અનામત રાખ્યા બાદ આજે આ મોટો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટ પરિસરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠયો છે અને હવે આ મામલે સુપ્રીમમાં અપીલ થવાની સંભાવના છે.

# એમેઝોનને સુપ્રીમ કોર્ટની મોટી રાહત: CCIએ આપેલો રૂ. ૨૦૨ કરોડનો દંડ રદ


નવીદિલ્હી,તા.૨૭



અમેરિકન ઈ-કોમર્સ જાયન્ટ એમેઝોનને સુપ્રીમ કોર્ટ તરફથી મોટી કાનૂની સફળતા મળી છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ **(NCLAT)** અને કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા **(CCI)**ના આદેશોને રદ કરી દીધા છે. સીસીઆઈએ ૧૭ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ ફ્યુચર ગ્રુપ સાથેના સોદામાં કથિત રીતે માહિતી છુપાવવા બદલ એમેઝોન પર રૂ. ૨૦૨ કરોડનો દંડ ફટકાર્યો હતો અને મંજૂરી સ્થગિત કરી હતી. સુપ્રીમ કોર્ટે અપીલ મંજૂર કરતાં આદેશ આપ્યો છે કે એમેઝોન પાસેથી વસૂલવામાં આવેલી કે જમા કરાયેલી કોઈપણ રકમ આઠ અઠવાડિયામાં પરત કરવામાં આવે. આ વિવાદ ૨૦૧૯માં ફ્યુચર કુપન્સ પ્રાઈવેટ લિમિટેડમાં એમેઝોનના ૪૯ ટકા હિસ્સો ખરીદવાના સોદા સાથે સંબંધિત છે. અગાઉ **CCI** અને **NCLAT** એવો દાવો કર્યો હતો કે એમેઝોને તેના આંતરિક દસ્તાવેજો (પ્રોજેક્ટ તાજ) મુજબ ફ્યુચર રિટેલના ઓફલાઈન ક્ષેત્રમાં વ્યૂહાત્મક પ્રવેશનો અસલી હેતુ છુપાવ્યો હતો.

# વલસાડમાં ઘરેલુ કંકાસમાં એક જ પરિવારના ૩ માસૂમ બાળકોના શંકાસ્પદ મોત

વલસાડ,તા.૨૭



વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના પાલી કરમબેલી ગામમાં ઘરેલુ કંકાસના કારણે એક જ પરિવારના ત્રણ માસૂમ બાળકોના શંકાસ્પદ મોત થતાં ચકચાર મચી ગઈ છે. કૌટુંબિક ઝઘડા બાદ ૩ વર્ષની દીકરી નાયરા અને ૭ મહિનાના બે જોડિયા બાળકોને કોઈ ઝેરી પદાર્થ પીવડાવાયો હોવાની આશંકા છે. ગંભીર હાલતમાં બાળકોની માતા નિશાબેન હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ભીલાડ પોલીસે ત્રણેય બાળકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલીને વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ ગિરનાર રોપ-વે સેવા વાર્ષિક મેન્ટેનન્સ માટે ૨ થી ૧૦ જૂન સુધી બંધ રહેશે

જૂનાગઢ,તા.૨૭

જૂનાગઢના પ્રખ્યાત ગિરનાર રોપ-વે દ્વારા મુસાફરોની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને દર વર્ષની જેમ આ વર્ષે પણ વાર્ષિક ટેકનિકલ મેન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવશે. રોપ-વે સંચાલક મંડળની જાહેરાત મુજબ, આગામી ૨ જૂન ૨૦૨૬ થી ૧૦ જૂન ૨૦૨૬ સુધી રોપ-વે સેવા ૯ દિવસ માટે સંપૂર્ણપણે બંધ રહેશે.

મા અંબાના મંદિર, ભગવાન દત્તાત્રેયના સ્થાનક અને જૈન દેરાસરોના દર્શને આવતા લાખો શ્રધ્ધાળુઓની સલામતી માટે આ સમય દરમિયાન ટેકનિકલ સિસ્ટમનું ઝીણવટભર્યું નિરીક્ષણ અને મરામત કરાશે. સંચાલકોએ પ્રવાસીઓને આ પૂર્વ આયોજન ધ્યાને રાખવા અપીલ કરી છે. મેન્ટેનન્સ પૂર્ણ થયા બાદ ૧૧ જૂન ૨૦૨૬થી રોપ-વે સેવા ફરી પૂર્વવત નિયમિત રીતે શરૂ કરવામાં આવશે.

# સિંહોના મોત વચ્ચે વન વિભાગના ૧૨ ડોક્ટરોના રાજીનામા

અમરેલી,તા.૨૭

ગીરમાં સિંહોના મોતના સંકટ વચ્ચે ગુજરાત વન વિભાગના કરાર આધારિત ફરજ બજાવતા ૧૨ વેટરનરી ડોક્ટરોએ સામૂહિક રાજીનામા ધરી દેતા ખળભળાટ મચી ગયો છે. **GPSC** ક્લાસ-૨ના નવા ભરતી નિયમોના વિરોધમાં ગીર પૂર્વ, ગીર પશ્ચિમ અને સક્કરબાગ ઝૂ સહિતના વિસ્તારોના તબીબોએ આ પગલું ભર્યું છે. તમામ ડોક્ટરો એક મહિનાનો નોટિસ પિરિયડ પૂર્ણ કરી ૧૫ જૂનથી ફરજમુક્ત થશે.

હાલમાં સિંહોમાં કેનાઈન ડિસ્ટેમ્પર **(CDV)** અને બેબેસિયા જેવા ગંભીર રોગોનો પ્રકોપ છે, ત્યારે જ આ રાજીનામા પડતા વન્યપ્રાણીઓની સારવાર સામે મોટો પડકાર ઊભો થયો છે. બીજી તરફ, ગીરમાં ૮થી વધુ સિંહોના મોતના અહેવાલો અંગે રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીએ ચિંતા વ્યક્ત કરી છે.

તેમણે કેન્દ્રીય વનમંત્રી અને રાજ્યના વનમંત્રીને પત્ર લખીને આ રોગચાળાને કાબૂમાં લેવા તાત્કાલિક વિશેષ એક્શન પ્લાન અમલમાં મૂકવા વિનંતી કરી છે.

# રાજકોટમાં બાબા બાગેશ્વરના કાર્યક્રમ પહેલાં જ વિવાદ: શ્રધ્ધા અને અંધશ્રધ્ધાના જંગમાં કાનૂની પગલાંની ચીમકી

રાજકોટ,તા.૨૭



રાજકોટમાં આગામી દિવસોમાં યોજાનારા બાબા બાગેશ્વર (ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી) ના કાર્યક્રમ આસપાસ વિરોધનો વંટોળ શરૂ થયો છે. આ વિવાદની શરૂઆત પાટીદાર અગ્રણી પુરુષોત્તમ પીપળીયાની સોશિયલ મીડિયા પોસ્ટથી થઈ હતી, જેમાં તેમણે આ આયોજનને 'અંધશ્રધ્ધાનો મહાકુંભ' ગણાવી લોકો સાથે છેતરપિંડી થતી હોવાનો આક્ષેપ કર્યો હતો. બીજી તરફ, અંધશ્રધ્ધા સામે લડતી સંસ્થા 'વિજ્ઞાન જાથા'ના ચેરમેન જયંત પંડ્યાએ કડક વલણ અપનાવતા ચેતવણી આપી છે કે જો ગુજરાતના અંધશ્રધ્ધા વિરોધી કાયદાનું ઉલ્લંઘન કરીને ચમત્કારોના નામે અંધશ્રધ્ધા ફેલાવવામાં આવશે, તો તેઓ કાયદાકીય પગલાં ભરીને એફઆઈઆર **(FIR)** દાખલ કરશે. સનાતન ધર્મ સમિતિના અધ્યક્ષ જ્યોતિર્નાથ બાપુએ પણ આ પ્રકારના ચમત્કારોના ખેલને સનાતન સંસ્કૃતિ વિરૂધ્ધ ગણાવ્યો છે. સામે પક્ષે, આયોજકોએ ખુલાસો કર્યો છે કે રેસકોર્સ મેદાન પર માત્ર 'હનુમાન કથા'નું ભવ્ય આયોજન છે, જે શ્રધ્ધા અને ઈશ્વરીય આરાધનાનો વિષય છે.

# ઈબોલા વાયરસને પગલે રાજયમાં આફ્રિકાથી અમદાવાદ આવેલા ૧૧ લોકોને કરાયા હોમ આઈસોલેટ

અમદાવાદ,તા.૨૭




આફ્રિકાન દેશોમાં હાહાકાર મચાવનારા અત્યંત ઘાતક ઈબોલા વાયરસને પગલે ગુજરાત સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન **(AMC)**નું આરોગ્ય વિભાગ એક્શન મોડમાં આવ્યું છે. યુગાન્ડા અને કોંગો જેવા પ્રભાવિત દેશોમાંથી પ્રવાસ કરીને અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ૧૧ લોકોને સાવચેતીના ભાગરૂપે હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

રાહતની વાત એ છે કે આઈસોલેશનમાં રખાયેલા એકપણ વ્યક્તિમાં હાલ ઈબોલાના લક્ષણો દેખાયા નથી. ઈબોલા એક અત્યંત ચેપી વાયરલ રોગ છે, જે લોહી, લાળ કે પરસેવાના સીધા સંપર્કથી ફેલાય છે અને તેમાં મૃત્યુદર ૫૦ થી ૯૦ ટકા જેટલો ઊંચો રહે છે. આફ્રિકાના વિવિધ દેશોમાં આ વાયરસથી ૨૦૦થી વધુ લોકોના મોત નીપજ્યા છે.

પરિસ્થિતિની ગંભીરતાને જોતાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ સમીક્ષા બેઠક યોજી છે, જ્યારે નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય **(DGCA)** દ્વારા મુસાફરો માટે ખાસ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.




# રાજ્યમાં ઘરેલુ "માથાકૂટ"ના કેસોમાં વધારો : ૧૨૫ મહિલાઓએ જીવ ગુમાવ્યો



અમદાવાદ,તા.૨૭

ગુજરાતમાં એક તરફ મહિલા સશક્તિકરણ અને 'નારી શક્તિ'ના મોટા-મોટા દાવા કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ મહિલાઓ સામેના ગુનાઓ અને ઘરેલુ હિંસાના કેસોમાં સતત થતો વધારો ચિંતાજનક પરિસ્થિતિ ઊભી કરી રહ્યો છે. તાજેતરના અહેવાલો અને સરકારી આંકડાઓ અનુસાર, રાજ્યમાં દહેજ, ઘરેલુ હિંસા અને મહિલાઓ પર થતા અત્યાચારના કેસોમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે, જે સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ખડા કરે છે.

સત્તાવાર અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૪ દરમિયાન ગુજરાતમાં દહેજની લોભી માંગણીને કારણે ૧૨૫ યુવતીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત, લગ્નસંબંધિત વિવાદો, કૌટુંબિક હેરાનગતિ અને ઘરેલુ ત્રાસના અનેક ગંભીર બનાવો પણ નોંધાયા છે. આંકડાઓ સ્પષ્ટ કરે છે કે, વર્ષ ૨૦૨૩ની સરખામણીએ ૨૦૨૪માં મહિલાઓ સામે થતા ગુનાઓમાં લગભગ ૩૩ ટકા જેટલો મોટો વધારો નોંધાયો છે. ખાસ કરીને ઘરેલુ હિંસા, શારીરિક-માનસિક ત્રાસ અને દહેજ સંબંધિત કેસોની સંખ્યા ખૂબ જ ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે.

રાજ્યમાં લગ્નસંબંધિત ગુનાઓ હેઠળ ૪૮૬ યુવતીઓના અપહરણના કેસ પણ પોલીસ ચોપડે નોંધાયા છે. આ સાથે જ અનેક પરિવારોમાં પરણિત મહિલાઓને દહેજની સતત માંગણી અને અન્ય સામાજિક કારણોસર અસહ્ય માનસિક અને શારીરિક ત્રાસ સહન કરવો પડી રહ્યો છે.

પોલીસ રેકોર્ડના આંકડા દર્શાવે છે કે, પતિ અને સાસરિયાં દ્વારા થતા અત્યાચારના ૯,૧૮૨ જેટલા કેસ નોંધાયા છે; જેમાં અમાનવીય મારપીટ, ગંભીર માનસિક સતામણી, શાબ્દિક અપમાન અને આર્થિક શોષણના મામલાઓ સામેલ છે. દેશમાં 'ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫' જેવો મજબૂત કાયદો અમલમાં હોવા છતાં, મહિલાઓ પર થતા અત્યાચારના કેસોમાં કોઈ મોટો ઘટાડો જોવા મળતો નથી. પીડિત મહિલાઓની તાત્કાલિક મદદ માટે કાર્યરત સરકારી યોજના '૧૮૧ અભયમ' હેલ્પલાઈન પર વર્ષ ૨૦૨૪ દરમિયાન ૧.૬૮ લાખથી વધુ ફોન કોલ્સ આવ્યા હતા, જેમાંથી આશરે ૪૦ ટકા જેટલા કેસ માત્ર ઘરેલુ હિંસાને લગતા હોવાનું જાણવા મળ્યું છે.શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં થતા વિકાસના મોટા દાવાઓ વચ્ચે મહિલાઓની વાસ્તવિક સુરક્ષાના મુદ્દે ફરી એકવાર ગંભીર ચર્ચા જાગી છે. વિશેષજ્ઞોના મતે, કાયદાઓ હોવા છતાં જમીની સ્તરે તેનો કડક અમલ ન થવો, સમયસર કાનૂની કાર્યવાહીનો અભાવ અને ન્યાય મળવામાં થતો વિલંબ આ વણસતી પરિસ્થિતિ પાછળનું મુખ્ય કારણ છે.

સરકાર દ્વારા અનેક યોજનાઓ અને જાગૃતિ અભિયાનો ચલાવવામાં આવી રહ્યા છે, પરંતુ તેની અસર ખૂબ મર્યાદિત દેખાઈ રહી છે. હવે સવાલ એ ઊભો થાય છે કે, શું માત્ર કાગળ પરના અભિયાનો અને લોભામણા સૂત્રોથી મહિલાઓ સુરક્ષિત બનશે કે પછી પ્રશાસને ન્યાયિક તંત્રને વધુ કડક અને અસરકારક બનાવવું પડશે?

# પાલનપુરમાં માનવતા શર્મસાર: પતિએ પત્નીને રૂ.૫૦ હજારમાં વેચી, મિત્રોએ આચર્યું દુષ્કર્મ

પાલનપુર,તા.૨૭

બનાસકાંઠાના પાલનપુરમાં પત્નીને વેચી દેવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક શખ્સે પ્રેમિકાને ઘરમાં લાવવા અને પત્નીથી છુટકારો મેળવવા માટે મિત્રો સાથે મળી કાવતરું ઘડ્યું હતું. તેણે પત્નીને જાનથી મારવાની ધમકી આપી, રૂ.૫૦,૦૦૦માં પોતાના જ મિત્રોને વેચી દીધી હતી. ખરીદનાર શખ્સોએ મહિલાના દાગીના લૂંટી, તેને સાત દિવસ સુધી બંધક બનાવી વારંવાર દુષ્કર્મ આચર્યું હતું અને ત્યારબાદ અન્ય સ્થળે વેચી દીધી હતી.

આરોપી પતિએ શરૂઆતમાં પત્ની ગુમ થઈ હોવાની ખોટી ફરિયાદ નોંધાવી પોલીસને ગુમરાહ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે સઘન તપાસ કરીને સમગ્ર કાવતરું ખુલ્લું પાડ્યું હતું. પાલનપુર પોલીસે મુખ્ય આરોપી પતિ સહિત ૫ લોકોની ધરપકડ કરી છે અને એક મહિલા સહિત કુલ ૭ આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં જમીન વિવાદમાં પૌત્રએ દાદાની હત્યા કરી

રાજકોટ,તા.૨૭

રાજકોટના શાસ્ત્રીનગરમાં જમીન પર લીધેલા ધિરાણની ભરપાઈ મુદ્દે ચાલી રહેલા પારિવારિક વિવાદમાં પૌત્રએ પોતાના ૭૩ વર્ષીય દાદા અરજણભાઈ મિયાત્રાની ઘાતકી હત્યા કરી નાખી છે.

પોલીસ તપાસ અનુસાર, આરોપી પૌત્ર મોહિતે દાદાની જમીન પર રૂ.૨.૫૦ લાખનું ધિરાણ લીધું હતું. બાકી રકમની ઉઘરાણી બાબતે થયેલી ઉગ્ર બોલાચાલીમાં ગુસ્સે ભરાયેલા મોહિતે દાદાને ધક્કો મારી લોખંડના ટેબલ અને પેવર બ્લોક વડે માથામાં હુમલો કર્યો હતો, જેથી તેમનું મોત નીપજ્યું હતું. હત્યાને અકસ્માત દર્શાવવા પૌત્રએ વારંવાર પોસ્ટમોર્ટમ અટકાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે શંકાના આધારે સઘન પૂછપરછ કરતા તેણે ગુનો કબૂલ્યો હતો અને યુનિવર્સિટી પોલીસે તેની ધરપકડ કરી છે.







